જૈન-દર્શન પરિચય શ્રેણી-૨

૪ : ૪

# પરદેશમાં જૈનધર્મ

વિનોદ કપાસી



શ્રી જયભિખ્ખુ
સાહિત્ય
ટ્રસ્ટ
પ્રકાશન

શ્રી યુ. એન. મહેતા અને શ્રીમતી શારદાબહેન યુ. મહેતા

જૈનદર્શન-પરિચયશ્રેણી

શ્રેણી ૪ : પુસ્તક ૪

# પરદેશમાં જૈનધર્મ

લેખક
વિનોદ કપાસી

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ
૧૩/બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

પ્રથમ આવૃત્તિ : એપ્રિલ ૧૯૮૮

સર્વ હક્ક લેખકના

પુસ્તકની કિંમત : ૫ રૂ., ચાર પુસ્તકના સેટની કિંમત : ૨૦ રૂ.

મુખ્ય વિક્રેતા : આદર્શ પ્રકાશન, જુમ્મા મસ્જિદ સામે, ગાંધી રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧

પ્રકાશક : શ્રી જયભિખ્ખુ સાહિત્ય પ્રકાશન, ૧૩/બી, ચંદ્રનગર
સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

મુદ્રક : શ્રી મનસુખલાલ બી. સોની
દિલુ પ્રિન્ટરી, શાહપુર,
અમદાવાદ–૩૮૦ ૦૦૧

# પરદેશમાં જૈન ધર્મ

જૈન ધર્મ મુખ્યત્વે તો આચારપ્રધાન ધર્મ છે, પ્રચારપ્રધાન ધર્મ નથી તેમ કહેવાય છે. બૌદ્ધ ધર્મના અનુયાયીઓ અને દૂતો પરદેશમાં ધર્મ પ્રચારાર્થે ખાસ ગયા હતા. અશોકના રાજદૂતો શ્રીલંકામાં ધર્મપ્રચારાર્થે ગયા તેમ અન્ય સાધુઓ બૌદ્ધ ધર્મના પ્રચાર – પ્રસાર માટે ચીન, જાપાન અને અન્ય દેશોમાં ગયા હતા. જૈન ધર્મના સાધુઓ દરિયો ઓળંગીને દેશાવર જતા નથી તેથી જૈન સાધુઓ જૈન ધર્મના પ્રચારાર્થે દૂરદૂરના દેશોમાં ગયા હોય તેવું ભૂતકાળમાં નહીંવત્ જ બન્યું છે. સમ્રાટ સિકંદરે ભારત પર ચઢાઈ કરી અને ભારતમાં જય-પરાજય બંનેનાં ફળો ચાખીને તે પોતાના પ્રાંત યુનાન પાછો ગયો ત્યારે તક્ષશિલાના એક જૈન મુનિ જેમનું નામ કલ્યાણ મુનિ હતું તે તેની સાથે ગયા હતા. આ કલ્યાણ મુનિ રોલીનાસ મુનિને નામે ઓળખાયા હતા. તેઓ ઘણાં વર્ષો એથેન્સમાં

રહેલા અને એથેન્સમાં તેઓએ સંલેખના લીધી હતી. કહેવાય છે કે તેમનું સમાધિસ્થાન એથેન્સમાં છે.

બેબિલોનથી એક રાજકુમાર ભારત આવ્યો હતો અને જૈન ધર્મ પાળતો હતો. આ રાજકુમાર તે આર્દ્રકકુમાર. તે મૂળ બેબિલોનના.

અભયકુમારની પ્રેરણાથી આર્દ્રકકુમારે દીક્ષા લીધી હતી. આવા થોડા અપવાદો સિવાય જૈન ધર્મનું વિદેશગમન કે વિદેશીઓનું જૈન ધર્મ કાજે ભારતમાં આગમન ખાસ બન્યું નથી.

જૈન ધર્મના ચતુર્વિધ સંઘના અત્યારના સ્વરૂપ પહેલાં અથવા તો ભગવાન મહાવીર સ્વામીના સમય પૂર્વે ભારતમાં સ્પષ્ટરૂપે બે ભિન્ન ભિન્ન પ્રકારની સંસ્કૃતિઓનું અસ્તિત્વ હતું. આ બે સંસ્કૃતિ યા તો બે વિચારધારાઓ વૈદિક સંસ્કૃતિ અને શ્રમણ સંસ્કૃતિના નામથી જાણીતી છે. શ્રમણ સંસ્કૃતિ અહિંસાના પાયા પર રચાયેલી હતી અને ત્યાગમાર્ગ તેનો મૂળમાર્ગ હતો. સર્વ પ્રકારે અપરિગ્રહનો ઉપદેશ આ સંસ્કૃતિ સાથે વણાયેલો હતો. અહિંસા-મૂલક સમાજવ્યવસ્થાના નિયમોમાં માનતી અને આ ધર્મને આચરણમાં મૂકતી વિવિધ પ્રજાઓ હતી. આમાં પણિ નામની જાતિ વેપારીઓની હતી. તેઓ પણિકોના નામથી પણ ઓળખાતા હતા. તેઓ ધંધા-રોજગાર અર્થે ભટકયા કરતા હતા. બીજી એક જાતિ વ્રાત્ય નામની હતી. વ્રત કરવાવાળા એટલે વ્રાત્ય એવી માન્યતા હતી. અથર્વવેદમાં આ જાતિઓનો ઉલ્લેખ છે. ત્રીજું નામ

છે સાધ્ય જાતિઓનું. વેદોમાં તેમને વેદ-વિરોધીઓ તરીકે ઓળખાવાયા છે. જૈન ધર્મ હાલના સ્વરૂપમાં તો નહીં પરંતુ કોઈ ને કોઈ રીતે તુર્કસ્તાન, મોંગોલીયા, ચીન પહોંચ્યો હતો તેવી માન્યતાઓ અને પુરાવાઓ છે. મોંગોલીયામાંથી જૈન મંદિરનાં અવશેષો મળી આવ્યાં તેમ 'મુંબઈ સમાચાર'ના ૪-૮-'૩૪ના અંકમાં ઉલ્લેખ હતો. પેકિંગમાં 'તુનાવારે' નામની જાતિનાં જૈન મંદિરો હતાં તેમ પણ ઉલ્લેખ છે.

આમ છતાંયે બૌદ્ધ ધર્મની જેમ જૈન ધર્મનો પરદેશમાં પ્રચાર થયો નથી. અત્યારે જૈન ધર્મના પાળનારા ભાવિકો વિશ્વના અનેક દેશોમાં અને નગરોમાં છે, પરંતુ તેઓ ભારતથી ગયેલા મૂળ ભારતવાસીઓ છે. પરદેશી પ્રજાએ હજી જૈન ધર્મ અપનાવ્યો નથી. બહુ ઓછા અંગ્રેજો અને અમેરિકનો જૈન ધર્મ પાળે છે. જોકે જૈન ધર્મ પ્રત્યે વધુ ને વધુ રસ જાગ્રત થતો જાય છે. જૈન ધર્મનો શાકાહારીપણાનો આદર્શ યેન કેન પ્રકારેણ વ્યાપક થતો જાય છે. ધર્મના સિદ્ધાંતો સમજવાની ઇચ્છા વધતી જાય છે. જ્ઞાનપિપાસા જાગ્રત થઈ છે.

## બ્રિટનમાં જૈન ધર્મ

બ્રિટનમાં અને ખાસ કરીને ઇંગ્લેન્ડમાં ૨૫ થી ૩૦ હજાર જૈનો વસે છે. ભારત બહાર સૌથી વધારે જૈનો અમેરિકામાં છે. ત્યાં ૩૦ થી ૩૫ હજાર જૈનો રહેતા હશે તેવો અંદાજ છે. બીજે ક્રમ ઇંગ્લેન્ડનો આવે. અમેરિકા વિશાળ દેશ છે તેથી ત્યાંના જૈનો છૂટાછવાયા વસે છે. ન્યૂ યૉર્ક, ન્યૂ જર્સી, લોસ એન્જેલિસ, શિકાગોને બાદ કરતાં

જૈનોનું પ્રમાણ અમેરિકાના વિસ્તારોમાં ઓછું છે. ઇંગ્લેન્ડમાં જે ૨૫ થી ૩૦ હજાર જૈનો વસે છે તેમાંનામાંથી પંદર હજાર ઉપર જૈનો બૃહદ્ લંડનમાં વસે છે. બૃહદ્ લંડનના ઉત્તર–પશ્ચિમ વિસ્તારોમાં વળી જૈનોનું પ્રમાણ બીજા વિસ્તારો કરતાં વધારે છે.

ઇંગ્લેન્ડમાં જે જૈનો વસે છે તેની એક વિશેષ બાબત એ છે કે આમાંના મોટા ભાગના હાલારી વીસા ઓસવાળ છે. આમ મૂર્તિપૂજક જૈનો, સ્થાનકવાસી, દિગંબર એ બધાય કરતાં ઓસવાળોની સંખ્યા સવિશેષ છે. આ ઓસવાળો મૂળ ભારતથી પૂર્વ આફ્રિકાના દેશોમાં ગયેલા અને પૂર્વ આફ્રિકાના દેશોની પરિસ્થિતિ પ્રતિકૂળ બનતાં જ ઘણા એશિયનોએ પૂર્વ આફ્રિકા છોડ્યું. ઓસવાળોમાંથી અર્ધા તો બ્રિટનમાં આવીને વસ્યા.

બ્રિટનમાં ઓસવાળોની સંસ્થા જૈનોમાં સૌથી મોટી છે. એ પછી નવનાત વણિક એસોસિએશન આવે. (નવનાત વણિક એસોસિએશન ઓસવાળ સિવાયના જૈનો તથા અન્ય વણિકોની સંસ્થા છે.) જોકે નવનાત વણિક એસો. ઓસવાળોને પણ આજીવન સભ્યો તરીકે સ્વીકારે છે. ઓસવાળોની સંસ્થા, હાલારી ઓસવાળ સિવાયના જૈનોને આજીવન સભ્ય તરીકે નથી સ્વીકારતી. અમેરિકાના જૈનોનો દાખલો સહુએ લેવો જોઈએ. અમેરિકાના જૈનો પોતાને મહાવીરનાં સંતાનો માને છે અને જ્ઞાતિપ્રથા વગરની જૈનોની સંસ્થામાં મુખ્યત્વે માને છે.

બ્રિટનમાં અને ખાસ કરીને બૃહદ્ લંડનના બ્રેન્ટ અને હેરો વિસ્તારની શાળાઓમાં જૈન ધર્મના શિક્ષણને દાખલ કરવાના પ્રયાસોમાં સફળતા સાંપડી ચૂકી છે. આ લેખક બંને વિસ્તારોની શૈક્ષણિક કમિટીમાં જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કરે છે. નવા જમાનાને અનુલક્ષીને આધુનિક વૈજ્ઞાનિક સાધનો જેવાં કે ઓડીયો, વિડીયો, કૉમ્પ્યુટરનો ઉપયોગ કરીને જૈન સિદ્ધાંતોને સમજાવવાનો તથા જૈન ધર્મનો પ્રચાર કરવાનો સદ્-વિચાર અમલમાં મૂકવાના પ્રયાસો પણ થઈ રહ્યા છે.

## 'જૈન સમાજ યુરોપ' સંચાલિત જૈન સેન્ટર, લેસ્ટર

ઇંગ્લેન્ડમાં લેસ્ટર આમ તો નાનું કહી શકાય તેવું શહેર છે. શહેરની વસ્તી પોણા ત્રણથી ત્રણ લાખ છે. આ શહેરમાં ગુજરાતીઓની સંખ્યા સારી એવી છે. લગભગ ૪૦,૦૦૦ ગુજરાતીઓ અહીં વસે છે અને તેમણે મીની ગુજરાત અહીં ઊભું કર્યું છે. અહીં ભારતીય ધર્મ-સંસ્કૃતિ અને ભાષાને જાળવી રાખવાના અથાગ પ્રયત્નો થાય છે. લેસ્ટરની ગુજરાતી સંસ્થાઓ ગુજરાતની અસ્મિતાને અનુરૂપ કાર્યક્રમોનું આયોજન કરે છે. અહીં ગરબા-રાસથી માંડીને સહસ્રકુંડી યજ્ઞો અને રામ-પારાયણ પણ થાય છે.

લેસ્ટરના રાજમાર્ગ બેલગ્રેવ રોડ પર અનેક ગુજરાતી – ભારતીય દુકાનો છે, જ્યાં ભારતીય લોકોની ભીડ જોવા મળશે.

જૈનોની વાત કરીએ તો લેસ્ટરમાં આમ તો લગભગ

૨૦૦ જેટલાં જ જૈનકુટુંબો છે. આમાં દેરાવાસી, સ્થાનકવાસી સહુનો સમાવેશ થાય છે.

કેટલાંક કાર્યો એવાં હોય છે કે જે મોટો જનસમૂહ જલદી કરી શકતો નથી. નાના ગ્રુપમાં અને થોડી ઉત્સાહી વ્યક્તિઓમાં જે ભાવના હોય તે કેટલીક વાર જલદી મૂર્તિમંત બને છે. આ ન્યાયે જ બ્રિટનનું પ્રથમ દેરાસર લેસ્ટરમાં થઈ રહ્યું છે. લંડનમાં ૨૫ હજાર જૈનો હશે પરંતુ લંડનના જૈનોને જે માન હજી નથી મળી શકયું તે લેસ્ટરના જૈનોને મળી રહ્યું છે.

ઈ. સ. ૧૯૭૩માં જૈન સમાજ, લેસ્ટરની સ્થાપના થઈ. તીર્થંકર પરમાત્મા ભગવાન મહાવીર સ્વામીના દરેક અનુયાયીઓ પોતાની માન્યતા અનુસાર ભક્તિ અને સાધના કરે એ આદર્શને લક્ષમાં રાખીને મહાવીર જયંતી, પર્યુષણ પર્વ વગેરે ધાર્મિક પર્વો ઉજવવાનું શરૂ થયું. બધાં જ તિથિ, સંપ્રદાય વગેરેના ભેદને ભૂલીને એક જ દિવસે પર્યુષણ શરૂ કરે છે અને સંવત્સરી ઊજવે છે. ઈ. સ. ૧૯૭૯ના સપ્ટેમ્બરમાં આ સંસ્થાએ લેસ્ટરના સિટી સેન્ટરમાં એક જૂનું મકાન (જૂનું ચર્ચ) ખરીદ્યું. આ મકાનમાં જ આધુનિક જૈન સેન્ટર બની રહ્યું છે. આ સેન્ટરમાં દેરાસર, ઉપાશ્રય, ગુરુ-થાનક, રાજચંદ્ર જ્ઞાનમંદિર, લાયબ્રેરી, ઑડિટોરિયમ, ભોજનશાળા અને કૉન્ફરન્સ રૂમ છે.

જૈન સમાજ(યુરોપ)ના ઉત્સાહી અને પરિશ્રમશીલ મુખ્ય ડૉ. નટુભાઈ શાહે અનન્ય ધર્મભાવનાથી પ્રેરાઈને

જૈન ધર્મના પ્રસાર – પ્રચાર અર્થે અને જૈન સેન્ટરના કાર્ય માટે મોટો ભોગ આપ્યો છે. કમિટીઓના તેમના સાથીદારોએ પણ પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપીને જૈન સેન્ટરના કાર્યને સુંદર રીતે પાર પાડ્યું છે.

૧૯૮૦માં જૈન સમાજ, લેસ્ટરમાંથી જૈન સમાજ, યુરોપ નામ બદલીને સંસ્થાનું કાર્યક્ષેત્ર વિસ્તારવામાં આવ્યું. ૧૯૮૧માં ભગવાન મહાવીરસ્વામીની મૂર્તિ અહીં મૂકવામાં આવી હતી. પરંતુ દેરાસરના કાર્યની સાથોસાથ અંજન-શલાકા કરેલી મૂર્તિઓ ભારતથી લાવવાનું નક્કી થયું. ૧૯૮૩ની ૧૦ ડિસેમ્બરના રોજ મકાનની અંદર જ દેરાસરનો શિલાન્યાસવિધિ થયો. આચાર્ય શ્રી પદ્મસાગર સૂરીશ્વરજીએ અંજનશલાકા કરાવી હતી તે મૂર્તિઓની બ્રિટનની ધરતી પર પધરામણી ૧૮ મી ઑગસ્ટ, ૧૯૮૪ના રોજ થઈ.

શ્વેતાંબર દેરાસરમાં મૂળ નાયક શાંતિનાથ પ્રભુ છે. તેમની મૂર્તિ ૩૧" ની છે. બીજી બે મૂર્તિઓ પાર્શ્વનાથ ભગવાન અને મહાવીરસ્વામીની ૨૫" ની છે. આ ઉપરાંત ધરણેન્દ્ર-પદ્માવતીજી, ઘંટાકર્ણ મહાવીર, ગુરુથાનકમાં ગૌતમ-સ્વામીની પણ સ્થાપના થશે. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિરનું પણ આયોજન છે. ૬॥ ફૂટની ઊંચાઈની શ્રી બાહુબલીજીની મૂર્તિની દિગંબર દેરાસર બહાર સ્થાપના કરવામાં આવશે. સ્થાનકવાસી ભાઈઓ માટે થઈ રહેલા ઉપાશ્રયમાં સુશોભિત પાટ મૂકવામાં આવશે. દિગંબર જિનાલયમાં ઋષભદેવ, નેમિ-

નાથ અને પાર્શ્વનાથની પ્રતિમાઓ હશે. તે ઉપરાંત ચક્રેશ્વરી માતા અને અંબિકાદેવીજીની પણ સ્થાપના થશે.

જૈન સેન્ટરની એક ખાસિયત છે કે દરેકેદરેક જૈન કોઈ પણ ભાગનો ઉપયોગ કરી શકે છે અને બધા સાથે મળીને પોતાની પ્રણાલિકા પ્રમાણે વહીવટ કરે છે.

દેરાસર માટેના થાંભલાઓ અને તોરણો ખાસ જેસલમેરના પથ્થરોને કોરીને બનાવેલાં છે. ભારતમાં જ સુંદર કોતરણી-કામ કરવામાં આવ્યું છે. ભારતથી બોલાવેલા કારીગરોએ આ સ્થંભો લેસ્ટરમાં ખડા કર્યા છે. પર સ્થંભ છે. ગર્ભગૃહ સફેદ આરસપાણુમાં તૈયાર થશે. આખા સેન્ટરની આગળની બાહ્ય દીવાલો સુંદર સફેદ આરસપાણુમાં કરવામાં આવી છે. આ દેરાસરની દીવાલો અરીસાથી મઢી લેવામાં આવી છે. આ ઉપરાંત દેરાસરની આગળના હોલની બારીઓ (૯ × ૪) સ્ટેઈન્ડ ગ્લાસમાં મહાવીરપ્રભુના જુદા જુદા પ્રસંગોથી સુશોભિત કરવામાં આવી છે. આ સેન્ટર પૂરું થયે જૈનો અને જૈનેતરો માટે જોવાલાયક તીર્થધામ થઈ રહેશે. આ દેરાસરનો પ્રતિષ્ઠા મહોત્સવ જુલાઈ ૧૯૮૮ માં છે. ત્યારે ભારત, આફ્રિકા, અમેરિકાથી હજારો શ્રદ્ધાળુ જૈનો લેસ્ટર આવશે અને મહોત્સવના મંગળ કાર્યમાં સામેલ બનીને ધન્ય થશે તેવી પૂરી સંભાવના છે.

જૈન સમાજ(યુરોપ)નું એક ઉલ્લેખનીય પાસું તે તેનું ત્રૈમાસિક મેગેઝીન છે. 'ધ જૈન'ના નામથી ઓળખાતું આ સામયિક સારી ધાર્મિક વાંચનસામગ્રી પૂરી પાડે છે. તેના

લેખો મનનીય અને ધર્મભાવનાપ્રેરક હોય છે. આ સામયિકમાં અંગ્રેજી, ગુજરાતી અને હિંદી એમ ત્રણે ભાષામાં લેખો હોય છે. જૈન સમાજ, યુરોપે બે પુસ્તકો પણ પ્રકાશિત કર્યાં છે.

જૈન સેન્ટર સંપૂર્ણ રીતે પૂરું થશે ત્યારે તેના ખર્ચનો આંક દસ લાખ પાઉન્ડને વટાવી જશે.

## ઓસવાળ-હાઉસ, પોટર્સબાર, ઇંગ્લેન્ડ :

બ્રિટનમાં સ્થાયી થયેલા પંદર હજારથી વધારે જૈનો હવે તો અનેકવિધ સાંસ્કૃતિક – ધાર્મિક પ્રવૃત્તિઓ કરે છે. તેઓ પાસે સામૂહિક રીતે કામ કરવાની શક્તિ છે. લાંબા ગાળાની યોજનાઓ ઘડીને વ્યવસ્થિત રીતે ક્રમશઃ આ યોજનાઓ હાથ ધરવાની આવડત પણ છે. પૂર્વ આફ્રિકામાં અને બ્રિટનમાં પૈસા કમાઈને બે-પાંદડે થયા છે. તેઓ દ્વારા બ્રિટનમાં પર્યુષણ, મહાવીર જયંતીની ઉજવણી મોટા પાયે થાય છે. આયંબિલશાળા પણ પ્રસંગોપાત ચાલે છે. અન્ય પ્રવૃત્તિઓમાં ગુજરાતી શાળા પણ ચાલે છે. દર શનિવારે બાળકોને ગુજરાતી શીખવવામાં આવે છે. અન્ય સમયે મોટાઓને પણ ગુજરાતી શીખવવાની વ્યવસ્થા છે. જૈન ધર્મનું શિક્ષણ આપવાની વ્યવસ્થા હજી નહીંવત્ છે. ઓસવાળોની પોતાની વ્યવસ્થાશક્તિ સુંદર છે. બ્રિટનમાં તેઓ દ્વારા એક મોટા અને ભવ્ય દેરાસરનું નિર્માણ થશે તે નિશ્ચિત છે અને તે સહુ માટે આનંદદાયક અને ગૌરવપ્રદ બિના બની રહેશે. જો ઓસવાળ જ્ઞાતિ બીજા

જૈનો સાથે સહકાર સાધે તો હજીયે જૈન ધર્મનો ધ્વજ વધુ શાનથી ફરકતો રહે તેમ સહુ કોઈ માને છે.

લંડનથી ઉત્તરે પોટર્સબાર ગામ પાસે આ સંસ્થાએ હુક હાઉસ નામનું મોટું મકાન તથા જમીન ખરીદેલ છે. આ મકાન ૧૮૪૦માં બંધાયેલું વીલા-સ્ટાઈલનું મકાન છે. મકાનની આજુબાજુ કુલ ૮૪ એકર જમીન છે. આ મિલકત એપ્રિલ ૧૯૮૦માં ૪,૬૪,૦૦૦ પાઉન્ડના ખર્ચે ખરીદવામાં આવી હતી. આ મિલકતમાં ત્રણ પ્રકારની પ્લાનિંગ પરમિશન મેળવેલી છે : સાંસ્કૃતિક તથા ધાર્મિક પ્રવૃત્તિઓ માટે ઓસવાળ હાઉસ, એસેમ્બલી, ડાઈનિંગ જેવા ઉપયોગ માટે બીજું એક મકાન બાંધવું તથા એક ભવ્ય સુંદર શિખરબંધી દેરાસર બાંધવું. આખો પ્રોજેક્ટ મોટી નાણાકીય સહાય માગી લે છે તેથી તબક્કાવાર કામ હાથ ધરાઈ રહ્યું છે. દેરાસર બંધાતાં અને પૂરું થતાં હજી ઘણાં વર્ષો નીકળી જશે. પરંતુ જ્યારે પૂર્ણ થશે ત્યારે ભારતીય પ્રણાલિકા મુજબનું ભવ્ય દેરાસર થશે.

## ઓસવાળ મહાજન વાડી : સાઉથ લંડન :

દક્ષિણ લંડનના કોથડન-થૉર્નટનહીથ વિસ્તારમાં એક જૂનું પણ વિશાળ ચર્ચ આ માટે ખરીદાયું છે. આ મકાનમાં મહાજનવાડી બનાવેલી છે. દક્ષિણ લંડનનાં ઓસવાળ ભાઈ-બહેનો માટેનું આ સાંસ્કૃતિક કેન્દ્ર છે. અહીંયાં પણ નાનું દેરાસર કરવાની સભ્યો ભાવના સેવી રહ્યા છે.

## નવનાત વણિક એસોસિએશન :

માત્ર જૈનો જ નહીં પરંતુ વણિક જ્ઞાતિના સહુ કોઈને સાંકળી લેતી સંસ્થા નવનાત વણિક એસોસિએશન છે. પૂર્વ આફ્રિકામાં વણિકભાઈઓની સંસ્થા ચાલતી હતી અને હજીયે ચાલે છે. પૂર્વ આફ્રિકાના અનુભવો પરથી બ્રિટનના વણિકો માટે પણ લંડનમાં નવનાત વણિક એસોસિએશનની સ્થાપના ૧૩-૯-૧૯૭૦ના રોજ કરવામાં આવી હતી. આ સંસ્થા માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ વિવિધ પ્રકારના સામાજિક કાર્યક્રમોનું આયોજન પણ કરે છે. આ કાર્યક્રમોમાં જૈન તથા હિંદુ તહેવારો, સાડી હરીફાઈ, રંગોળી હરીફાઈ વગેરે યોજાય છે.

સંસ્થાએ પોતાનું મકાન હેરોમાં ખરીદ્યું છે. આ મકાનનો ૩૦ જાન્યુ., ૧૯૮૪ના દિવસે કબજો મળ્યો હતો. આ મકાન જ સંસ્થાનું મુખ્ય પ્રવૃત્તિકેન્દ્ર છે. નવનાત-ભવનના નામથી ઓળખાતા આ મકાનમાં નીચે હૉલ છે, જ્યાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કાર્યક્રમો થાય છે. ઉપરના રૂમમાં હિંદુ તથા જૈન સંયુક્ત મંદિર છે. અહીં મહાવીરસ્વામી, રામકૃષ્ણ-જાનકી, કૃષ્ણ-રાધા તથા અંબિકાદેવીની મૂર્તિઓ રાખવામાં આવી છે. હિંદુ તથા જૈન ધર્મના સહ-અસ્તિત્વનું આ મંગળ ઉદાહરણ છે. વડીલો નિયમિત સત્સંગ-સ્વાધ્યાય કરે છે.

સંસ્થા દ્વારા ગુજરાતીના વર્ગો પણ ચલાવાય છે. સંસ્થાનું પોતાનું માસિક 'નવનાત-દર્પણ' બહાર પડે છે. 'નવનાત-દર્પણ'માં પાત્ર-પસંદગીની કૉલમ લગ્નવિષયક સેવાઓ

આપે છે. સંસ્થા તરફથી સભ્યોની ડિરેક્ટરી પણ બહાર પડી છે. જીવદયામાં પણ આ સંસ્થા મોટા પ્રમાણમાં ભારતમાં સહાય મોકલે છે.

બ્રિટનમાં આ સિવાય નવયુગ જૈન પ્રગતિ મંડળ, મહાવીર ફાઉન્ડેશન, ભક્તિ મંડળ, જૈન એસોસિએશન, વણિક સમાજ નામની સંસ્થાઓ છે. સહુ જૈન ધર્મના પ્રચારમાં યથા-યોગ્ય ફાળો આપે છે. આ સંસ્થાઓ ખાસ તો પર્યુષણ અને મહાવીર જયંતી ખૂબ જ સારી રીતે ઊજવે છે.

લંડનની બહારનાં ગામોમાં નાની નાની સંસ્થાઓ, મંડળો દ્વારા પ્રવૃત્તિઓ ચાલે છે. બર્મિંગહામ, કોવેન્ટ્રી વગેરે ગામોના જૈનો આ રીતે ધર્મ-ધ્યાન કરે છે. લંડન અને બહારના વિસ્તારોમાં નાનાં નાનાં સાપ્તાહિક સ્વાધ્યાય મંડળ પણ છે. લંડનમાં શ્રીમદ્ રાજચંદ્રના સ્વાધ્યાય ઘણી જગ્યાએ થાય છે. આમાં સુધાબેન શાહનું નામ વિશેષ જાણીતું છે.

## શ્રી જાપાન જૈન સંઘ

### જાપાનનાં ચંદ જૈન કુટુંબોની યશ-ગાથા :

જાપાનના કોબે શહેરમાં માત્ર ૨૮ કુટુંબોએ પોતાના તન-મન-ધનથી એક અનુપમ જૈન દેરાસર બંધાવેલ છે. કીટાન-ચો વિસ્તારમાં ઘણા ધર્મોનાં કેન્દ્રો અને મંદિરો છે. આ જ વિસ્તારમાં હવે જૈન દેરાસરનું નિર્માણ થયું છે. આરસપહાણના ઘુંમટવાળું અને સુંદર સ્થંભો તથા શિખરો મંડિત આ દેરાસર એપ્રિલ ૧૯૮૫માં ખુલ્લું મૂકવામાં આવ્યું છે. બે માળનું ફેરો-કોંક્રીટ મકાન ઊભું કરાયું છે.

મકાનમાં બેઝમેન્ટ છે, ૨૦૦ ચો. મીટરનો ફ્લોર એરીયા છે. બેઝમેન્ટમાં શાવર રૂમ્સ – નહાવાના ઓરડાઓ છે. પ્રથમ માળે એસેમ્બલી હૉલ છે. બીજે માળે દેરાસરમાં મહાવીરસ્વામીની પ્રતિમા છે. છાપરાના ભાગે ચાર ખૂણાવાળાં શિખરો છે.

આ દેરાસરના આર્કિટેક્ટ જાપાનીઝ છે. ભારતીય બાંધણીના અભ્યાસ અર્થે તેઓ છ વાર તો ભારત ગયા હતા. ઘુમ્મટ, બારીઓ, સ્થંભ વગેરેની કોતરણી ભારતમાં કરવામાં આવી હતી. કીટાન-ચોનું દેરાસર પ્રવાસીઓના આકર્ષણ સમાન બની રહ્યું છે. આખાયે પ્રોજેક્ટનો ખર્ચ ૧૦૦૦ લાખ યેન થવાની ધારણા છે. કોબેનાં ૨૮ કુટુંબોના ૧૮૦ જૈનો વસે છે. માત્ર ૨૮ કુટુંબોની ધર્મભાવનાનું આ પ્રતીક છે. માનવી ધારે તો મનમાની સિદ્ધિ મેળવી શકે છે. જાપાનના જૈનોને ધન્યવાદ !

## પાકિસ્તાનમાં જૈન ધર્મ

ભારત દેશના ટુકડા થયા અને પાકિસ્તાનનું અસ્તિત્વ થતાં જ પાકિસ્તાનમાં બિન-મુસ્લિમ ધર્મો અને ધર્મ-સ્થાનોની હાલત કફોડી બની. પંજાબનાં અનેક શહેરોમાં જૈન ધર્મની અનેકવિધ પ્રવૃત્તિઓ થતી હતી. ત્યાં અનેક દેરાસરો હતાં. જૈન સાધુઓ કરાંચી, લાહોર, પેશાવર અવાર-નવાર જતા હતા અને ચાતુર્માસ પણ ગાળતા હતા. પાકિસ્તાનના જન્મ સાથે આ બધું સ્વપ્ન સમાન બની ગયું. કરાંચી અને અન્ય સ્થળોનાં કેટલાંક જૈન મંદિરો તોડી પડાયાં છે. કેટલાંક હજી બિસ્માર હાલતમાં ઊભાં હશે.

આંખે દેખ્યો, પ્રમાણભૂત અહેવાલ આપણને મળી શકતો નથી તેથી અત્યારની પરિસ્થિતિની કલ્પના જ કરવી રહી.

પ્રાચીન કાળથી તક્ષશિલા, કંદહાર જેવી જગ્યાએ જૈન સાધુ મહારાજો નિયમિત પ્રવાસ કરતા હતા. આપણા અનેક સાધુ ભગવંતોનાં પુનિત પગલાં થતાં હતાં અને અનેક પ્રકારે ધર્મ-પ્રભાવના થતી હતી. દેરાસરોની સાથોસાથ જૈન જ્ઞાન ભંડારો, ગુરુકુળ જેવી સંસ્થાઓ પણ હતી. આમાં ગુજરાનવાલાનું જૈન ગુરુકુળ વિખ્યાત હતું.

આચાર્ય શ્રી વિજયાનંદસૂરિએ પંજાબને અનેક દેવમંદિરોથી દીપાવ્યું હતું. સરસ્વતી મંદિર સમાન જૈન ગુરુકુળ ગુજરાનવાલામાં સં. ૧૯૮૧ના મહા સુદ ૬ ના રોજ અસ્તિત્વમાં આવ્યું. આ. શ્રી વિજયવલ્લભસૂરિએ સદ્‌ગત ગુરુદેવની અંતિમ ભાવનાની પૂર્તિ અર્થે હુશિયારપુરના જૈન સંઘને વાત કરી. શ્રી સંઘે ૨૮,૦૦૦ રૂ. તરત જ એકત્ર કર્યા. બીજા પૈસા અન્ય જગ્યાએથી આવતાં એક લાખ રૂ. ભેગા થઈ ગયા. એ વખતે પોતાની વકીલાતનો ધીકતો ધંધો છોડી બાબુ કીર્તિપ્રસાદ જૈને, B A. LL. B, નિસ્વાર્થભાવે ગુરુકુળનું સંચાલન હાથમાં લીધું.

પંજાબની અહીંની સુંદર આબોહવામાં ગુરુકુળ સુંદર રીતે ચાલતું હતું. ભાગલા પહેલાં તેમાં ૭૫ થી ૧૦૦ વિદ્યાર્થીઓ ભણતા હતા. ગુજરાત-કાઠિયાવાડથી વિદ્યાર્થીઓ ત્યાં ભણવા જતા હતા. ભણતર સાથે વ્યાયામ અને પ્રાથમિક ઉદ્યોગોની તાલીમ ત્યાં અપાતી હતી. સંસ્કૃત-પ્રાકૃત ભાષા

સાથે જૈન કર્મગ્રંથ જેવા ગ્રંથો પણ શીખવાતા હતા. ભાગલા બાદ આ સુંદર પ્રવૃત્તિનો અંત આવ્યો.

આ. શ્રી વલ્લભવિજયજીએ લાહોરમાં પંજાબના શ્રી-સંઘની વિનંતીથી સં. ૧૯૮૧માં આચાર્યપદ સ્વીકાર્યું હતું. વલ્લભવિજયજી આચાર્યે ૧૯ જેટલાં ચોમાસાં પંજાબમાં કર્યાં હતાં. પોતાના પ્યારા ગુજરાનવાલા તરફ તેમને અનન્ય સદ્‌ભાવ હતો. ભાગલા પહેલાં જ્યારે હિંદુ-મુસલમાનો એકબીજાની કત્લેઆમ કરતા હતા અને રહેવાનું તદ્દન બિન-સલામત હતું ત્યારે જ છેલ્લી ઘડીએ તેમણે ગુજરાનવાલાને છેલ્લા પ્રણામ કર્યા અને અમૃતસર આવ્યા. આવતા પહેલાં ગુજરાનવાલામાં પોતાના દાદાગુરુના સમાધિ મંદિરનાં દર્શન કર્યાં. તેઓએ ભાગલા બાદનાં પર્યુષણ પાકિસ્તાનમાં કરીને પછી જ ત્યાંથી કાયમની વિદાય લીધી હતી.

તેમના જીવન અને કાર્યની યાદ રૂપે અત્યારે દિલ્હીમાં આત્મ વલ્લભ સ્મૃતિ મંદિર આકાર લઈ રહ્યું છે. અહીં ભવ્ય દેરાસર અને જ્ઞાનમંદિર – જ્ઞાનભંડારનું આયોજન થયું છે. પાકિસ્તાનથી લાવેલી અનેક જૈન હસ્તપ્રતો અહીં સાચવી રાખવામાં આવેલ છે.

## પાકિસ્તાનનાં જૈન દેરાસરો :

પાકિસ્તાનમાં ગયેલાં ગામો અને ત્યાંનાં જૈન દેરાસરોની માહિતી હવે મળવી મુશ્કેલ છે. ઘણાં દેરાસરો – કદાચ બધાં જ ધરાશાયી થયાં હશે. કુદરતની અકળ લીલાનો પાર પામવો મુશ્કેલ છે.

પ્રાચીનકાળમાં જૈનો – બૌદ્ધોનું એક વિદ્યાધામ તક્ષશિલા પણ હતું. ભગવાન ઋષભદેવ અને બાહુબલીજી નામો તક્ષશિલા સાથે સંકળાયેલાં છે.

સમ્રાટ સંપ્રતિએ પોતાના પૂજ્ય પિતા કુણાલના શ્રેયાર્થે તક્ષશિલામાં જૈન મંદિર બંધાવ્યું હતું. શત્રુંજય તીર્થનો જીર્ણોદ્ધાર કરનારમ હુવાના શ્રેષ્ઠિ જાવડશાહ ભગવાન ઋષભદેવની મૂર્તિ તક્ષશિલાથી લાવ્યા હતા અને શત્રુંજય પર મૂળ નાયક તરીકે સ્થાપના કરી હતી.

સિયાલકોટમાં સંવત ૧૭૦૯માં જિન મંદિર હતું.

લાહોરથી ૪૭ માઈલ દૂર આવેલા ખાનકા ડોગરા નામના સ્થળે શ્રીસંઘે સંવત ૧૯૮૩માં શ્રીશાંતિનાથ ભગવાનનું રમણીય શિખરબંધ મંદિર બંધાવ્યું હતું. ભાગલા પહેલાં માત્ર અગિયાર વર્ષ પહેલાં આ મંદિરની પ્રતિષ્ઠા થઈ હતી.

રામનગરમાં (અકાલગઢથી છ માઈલ દૂર) પાર્શ્વનાથ ભગવાનનું મંદિર, ખૂબ જ વિશાળ અને ભવ્ય હતું. પંજાબમાં તેનો જોટો નહોતો. મૂળ નાયકની પ્રતિમા ઉપર સંવત ૧૫૪૮નો લેખ હતો. આ મંદિરનું શું થયું હશે?

આ ઉપરાંત ભેરા, લાહોર, પિંડદાદખાન, કાલાબાગ બન્નુ, મુલતાન, ડેરાગાઝીખાન, જીરા, કરાંચીમાં જૈન મંદિરો હતાં. મુલતાનની ચુડીસરાઈ બજારમાં શિખરબંધ પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર હતું. શત્રુંજય તથા ગિરનારના સુંદર પટ્ટ પણ હતા.

# બર્મામાં જૈન ધર્મ

અંગ્રેજોએ બર્મામાં કબજો જમાવ્યો તે બાદ હિંદવાસીઓ રંગુનમાં જવા લાગ્યા. સંવત ૧૯૪૦માં કચ્છના આસુભાઈ વાઘજીભાઈ એ ભગવાનદાસભાઈ સાથેની ભાગીદારીમાં ભગવાનદાસ વેરજીના નામથી ચોખાની પેઢી શરૂ કરી. સંવત ૧૯૪૨માં પાટણથી શેઠ મનસુખલાલ દોલતચંદ રંગુન આવ્યા અને હીરાના વેપારમાં ઝંપલાવ્યું. પછી તો પાટણ અને પાલણપુરથી ઘણા જૈનોએ આવીને રંગુનમાં ઝવેરાત અને સોના-ચાંદીની દુકાનો ઉઘાડી. આ બાદ ગુજરાત, કાઠિયાવાડ, મારવાડથી પણ ઘણા જૈનો બર્મામાં આવીને વસ્યા. ભારતના સ્વાતંત્ર્ય પહેલાં રંગુનમાં બેથી અઢી હજાર જૈનો હતા. મોલમીન તથા માંડલેમાં પણ થોડાં જૈન કુટુંબો વસતાં હતાં.

સંવત ૧૯૪૦માં મારવાડથી આવેલા શેઠ કીસનચંદજી કુંગલીઆ નામે જયપુરના એક ગૃહસ્થ રહેતા હતા. તેમને દર્શનનો નિયમ હોવાથી તેઓ તેમની સાથે નાની રૂપાની પાર્શ્વનાથપ્રભુની પ્રતિમા લાવેલા. સંવત ૧૯૫૬માં મોગલ સ્ટ્રીટની બાજુમાં ૨૯મી ગલીમાં જગ્યા લઈને નાનું દેરાસર બંધાવ્યું અને ત્યાં આ પ્રતિમા પધરાવવામાં આવી. આ દેરાસર રંગુનના જૈન સંઘે બનાવ્યું હતું. સંવત ૧૯૬૨માં મહાવીરસ્વામીની પાષાણની પ્રતિમા મૂળ નાયક તરીકે પધરાવવામાં આવી. આ જ પ્રતિમા પાછળથી ૧૯૭૦માં ત્યાં મોટા દેરાસરમાં પધરાવવામાં આવી. આ મોટું દેરાસર ત્રણ માળનું છે. પહેલા માળે પાઠશાળા તથા નહાવા-

ધોવાની વ્યવસ્થા, બીજે માળે ઉપાશ્રય તથા ત્રીજા માળે દેરાસર. શિખરબંધ દેરાસર નથી પણ પાયધુનીના શાંતિનાથ ભગવાનના દેરાસર જેવો ઘાટ હતો.

આ ઉપરાંત રંગુનમાં દેરાવાસી તથા સ્થાનકવાસી જૈનોની પાઠશાળા પણ ચાલતી હતી. ખૂબ જ સંપ અને ભ્રાતૃભાવ હતો.

## હંગેરીમાં જૈન પ્રતિમાજી

હંગેરીના બુડાપેસ્ટ શહેરની બાજુમાં એક ખેડૂતના ઘરનું ચિત્ર અહીં દર્શાવેલ છે. તેમાં જિન પ્રતિમાજીની સ્થાપના થયેલી જણાય છે. મૂર્તિ મોટી છે અને ચિત્તને પ્રસન્ન કરે તેવી છે. બેઠક અને થાંભલા સાથે છે. આ પ્રતિમાજી અહીં કયારે આવ્યાં તે વિષે જાણવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. વધુ માહિતી પ્રકાશમાં આવે તે અત્યંત ઇચ્છનીય છે.

## રશિયામાંથી જૈન મૂર્તિ મળી

રશિયાના રોસ્ટોવ શહેરમાં એક ખેડૂતને ખોદકામ કરતાં તાંબાની જિન પ્રતિમા મળી આવી છે. આ પ્રતિમા સોળમી કે સત્તરમી સદીની છે તેમ વૈજ્ઞાનિકોનું માનવું છે. જૂના જમાનામાં કોઈ જૈન વેપારી આ પ્રતિમા ત્યાં લઈ ગયો હશે તેવું અનુમાન બંધાઈ રહ્યું છે. પૂજન માટે આ પ્રતિમા પોતાની પાસે રાખી હશે પરંતુ સંજોગોવશાત્ ખોવાઈ ગઈ હોય તે શકય છે.

# પાશ્ચાત્ય જૈન વિદ્વાનો

અંગ્રેજ શાસનકાળ દરમિયાન કેટલાક બુદ્ધિજીવી અંગ્રેજોએ ભારતીય સંસ્કૃતિમાં ઊંડો રસ લેવા માંડયો. થોડા અંગ્રેજ વિદ્વાનો તો સંસ્કૃતિ અને ધર્મના અભ્યાસ અર્થે જ ખાસ ભારત આવીને રહ્યા. અંગ્રેજો જ નહીં, ફ્રેંચ અને જર્મનો અને બીજા દેશોના વિદ્વાનોએ જૈન ધર્મમાં ઊંડો રસ લઈ સાહિત્ય-સંશોધન કરીને ગ્રંથો પ્રકાશિત કર્યા. જૈન ધર્મ સંબંધી સર્વગ્રાહી માહિતી સર્વ પ્રથમ કોલબ્રુકે (Colbrooke) ૧૭૬૫–૧૮૩૭ દરમિયાન આપી. જૈન સાહિત્યમાં રસ લેનાર એ પ્રથમ વિદ્વાન હતો. તે પછી વિલ્સને (Wilson) ૧૭૮૪–૧૮૬૦ પણ કોલબ્રુકના કાર્યને આગળ વધાર્યું. આ બંનેએ રજૂ કરેલાં મંતવ્યો અને દલીલો સંપૂર્ણ સાચાં ન ગણી શકાય તેવાં પણ હતાં; છતાંયે તેમનું પ્રદાન નોંધપાત્ર રહ્યું. જૈન ધર્મના ગ્રંથનો પ્રથમ અનુવાદ ઓટો બોટલીકે ૧૮૪૭માં કર્યો. હેમચંદ્રાચાર્યના 'અભિધાન ચિંતામણિ'નો જર્મન ભાષામાં અનુવાદ બહાર પડયો. રિયુ (Rieu) નામના વિદ્વાને આ અનુવાદમાં મદદ કરી હતી. રેવરન્ડ સ્ટીવનસને ૧૮૪૮માં કલ્પસૂત્ર અને નવતત્ત્વના અનુવાદો અંગ્રેજીમાં કર્યા. ૧૮૫૮માં વેબરે શત્રુંજય માહાત્મ્યમાંથી અને ૧૮૬૬માં ભગવતીસૂત્રમાંથી સુંદર ફકરાઓના (ચૂંટેલા) અનુવાદ બહાર પાડયા. વેબર સંસ્કૃતના વિદ્વાન હતા. પછીથી તેણે જૈન આગમોમાં સંશોધન કર્યું અને ઘણા લેખો લખ્યા. વેબરનાં લખાણોમાંથી પ્રેરણા મેળવનાર

હતા હર્મન જેકબી. જેકબીએ તો જૈન ધર્મનાં દ્વારો વિશ્વના વિદ્વાનો માટે ખુલ્લાં મૂકયાં, એટલું જ નહિ, જેકબીના વિશાળ ગહન સંશોધનની તોલે આવે એવું ગણ્યાગાંઠયા ભારતીય વિદ્વાનોએ જ કામ કર્યું છે. જેકબીના જીવન વિષે વિસ્તૃત રીતે આગળ જોઈશું. જેકબીની જેમ લોયમાન (Leumann), કલાટ (Klatt), બુહલર (Buhler), હોર્નલ (Hoernle), વીન્ડીશ (Windisch), રાઈસ (Rice), હુલ્સે (Hultmgen), કીલ્હોર્ન (Kielhorn), પીટર્સન (Peterson), ફર્ગ્યુસન (Fergusan), બર્જેસ (Burgess) વગેરે વિદ્વાનોએ જૈન ધર્મમાં રસ કેળવીને ધર્મ–કળા–કારીગરીના ગ્રંથો અને મહાનિબંધો લખ્યા. વિશાળ જૈન સાહિત્ય અને લાખો ગ્રંથો – હસ્તપ્રતોની ભુલભુલામણીમાંથી માર્ગ કાઢવો કઠિન – વિકટ કાર્ય હતું. છતાંયે તેમણે અદ્‌ભુત કાર્ય કરી બતાવ્યું. તેમનાં મંતવ્યો અને અનુમાનોમાં કયારેક ભૂલો હતી પરંતુ દેશ-પરદેશના જૈનો અને અનેક જૈનેતર વિદ્વાનોમાં તેમણે જાગૃતિ આણી.

**હર્મન જેકબી :** હર્મન જેકબીનો જન્મ જર્મનીના કોલોનમાં ૧૬મી ફેબ્રુ. ૧૮૫૦ના રોજ થયો હતો. ૧૮૬૮થી '૭૨ સુધી બર્લિનમાં અને બોનમાં સંસ્કૃત વગેરે ભાષાઓ શીખ્યા. ૧૮૭૨માં ભારતીય જ્યોતિષ વિષે પુસ્તક લખ્યું ને Ph. D. થયા. લંડનમાંની ભારતીય હસ્તપ્રતોના અભ્યાસમાં એક વર્ષ ગાળી ૧૮૭૪માં ભારત આવ્યા. ત્યાં ડૉ. બુહલર કાર્ય કરતા હતા. ૧૮૭૫થી ૧૮૭૯ના ગાળા દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંસ્કૃતના પ્રોફેસર તરીકે જર્મનીમાં કામ

કર્યું. કલ્પસૂત્રની રોમન લિપિમાં આવૃત્તિ બહાર પાડી. તેમનું એક અવિસ્મરણીય કાર્ય એ હતું કે તેમણે આચારાંગ સૂત્ર, કલ્પસૂત્ર, ઉત્તરાધ્યયન અને સૂત્રકૃતાંગના અંગ્રેજી અનુવાદો બહાર પાડયા. બે વૉલ્યુમમાં આ અનુવાદો પ્રસિદ્ધ થયા. પ્રસ્તાવનામાં તેમણે જે લખાણ લખ્યું હતું તે સંશોધનના આધારે લખેલું આધારભૂત લખાણ હતું. ભારતના મોટા મોટા વિદ્વાનોએ પણ તેમને મહાપંડિત તરીકે સ્વીકાર્યા. જૈન આગમ ગ્રંથો વિશે વિશ્વને જાણ થઈ. વળી આગમોના અનુવાદ માટે બીજા વિદ્વાનોમાં હિંમત આવી અને પ્રેરણા મળી. ૧૮૮૬માં જર્મન વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતમાં માર્ગદર્શિકા તૈયાર કરી. રામાયણ, મહાભારત, વૈદક, જ્યોતિષ વગેરે વિષયો પર તેમણે અધ્યયનો પ્રગટ કર્યાં.

૧૯૧૩ના ડિસેમ્બરમાં ભારતમાં તેમણે કલકત્તા યુનિવર્સિટીમાં અલંકારશાસ્ત્ર પર વ્યાખ્યાનો આપ્યાં. તેમણે પંચમી કહા, નેમિનાથચરિત્ર, ઉપમિતિ ભવ પ્રપંચ કથા, સમરાદિત્ય કથા ગ્રંથો પણ પ્રગટ કર્યા.

ડૉ. જેકબીનો જૈન ધર્મમાં ફાળો એ ઐતિહાસિક ફાળો છે. જૈનોને જૈન ધર્મ પ્રત્યે ગૌરવ થાય અને જૈનેતરોનો વધુ રસ જાગ્રત થાય તેવું સાહિત્ય તેમણે પ્રગટ કર્યું. તેમણે તેમનું જીવન જૈન ગ્રંથોના સંશોધન અને લેખનમાં ગાળ્યું. તેઓનું અવસાન જર્મનીમાં કયારે થયું તેની ચોક્કસ માહિતી મળી નથી. જૈન સંઘ ડૉ. જેકબી પ્રત્યે હંમેશાં આદરની લાગણીથી જોશે તે નિર્વિવાદ છે.

બીજા જૈન પાશ્ચાત્ય વિદ્વાનોમાંથી હર્ટલે એવું મંતવ્ય દર્શાવ્યું કે પંચતંત્રની વાર્તાઓ જૈન વાર્તાઓ છે. આ સિવાય અનેક વિદ્વાનો – વિદૂષીઓએ જૈન ધર્મમાં રસ લઈને નિબંધો, અધ્યયનલેખો લખ્યા.

અત્યારે પણ અમેરિકા, કેનેડા, ઇંગ્લેન્ડમાં ઘણા બિન-ભારતીયો – મૂળ યુરોપિયન પ્રજા – જૈન ધર્મમાં ઊંડો રસ લે છે. અમેરિકા – કેનેડાના બલભદ્રજી તથા લેસ્ટર – ઇંગ્લેન્ડના ડૉ. પોલ મેરેટનાં નામ પણ જાણીતાં છે.

ઇંગ્લેન્ડમાં શાળાઓમાં સર્વ ધર્મો શીખવવાનું નક્કી કરવામાં આવ્યું તેમાં બ્રેન્ટ અને હેરોની શાળામાં જૈન ધર્મ શીખવવામાં દબાણ લાવીને સફળતા મેળવવામાં આ લેખકનો ફાળો છે. પશ્ચિમમાં વેજીટેરીઆનીઝમ ફેલાવવામાં દક્ષિણ લંડનના નીતિન મહેતા પણ પ્રશંસનીય કાર્ય કરે છે.

ગઈ સદીમાં શ્રી વીરચંદ રાઘવજી ગાંધી જૈન ધર્મના પ્રવચન, પ્રસાર અર્થે વિદેશમાં ગયેલા ત્યારે અમેરિકા અને ઇંગ્લેન્ડમાં જૈન સંસ્થાઓ સ્થપાઈ હતી. લંડનમાં જૈન લિટરેચર સોસાયટીનું અસ્તિત્વ ૧૯૧૨માં હતું તેના સેક્રેટરી હર્બર્ટ વોરન હતા. તેમણે 'Jainism' નામનું સુંદર અને સરળ અંગ્રેજી પુસ્તક લખ્યું હતું. આ પુસ્તક તેમણે વીરચંદભાઈનાં પ્રવચનો પરથી તૈયાર કર્યું હતું. સોસાયટીના પ્રમુખ F. W. Thomas હતા પરંતુ આ જૈન લિટરેચર સોસાયટી વિષે વધારે માહિતી મળી શકી નથી. હર્બર્ટ વોરને

માંસાહારનો સદંતર ત્યાગ કર્યો હતો અને મર્યાદાપૂર્વક જૈન આચારનું પાલન કરતા હતા.

## વિદેશમાં જૈન ધર્મનો પ્રચાર કરનારા ભારતીય જૈનોઃ

વિદેશમાં જૈન ધર્મનો પ્રચાર કરવાનું પ્રથમ માન સ્વ. શ્રી વીરચંદભાઈ રાઘવજી ગાંધીને જાય છે. તેમનો જન્મ ભાવનગર ડિસ્ટ્રિકટના મહુવા ગામમાં થયો હતો (૨૫ ઑગસ્ટ, ૧૮૬૪). સોળમે વર્ષે ભાવનગરમાં મેટ્રિક પાસ થયા ને વીસ વર્ષે મુંબઈમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી. એ. થયા. ૧૯૪૧માં જૈન એસોસિએશન ઑફ ઇન્ડિયાના મંત્રી થયા. પાલીતાણાના ઠાકોર માનસિંહજી સાથે ૧૮૮૬માં દર વર્ષે, ૪૦ વર્ષ સુધી, રૂ. પંદર હજાર આપવાનો કરાર થયો. તે વર્ષે તેમણે સોલિસીટર થવાનો અભ્યાસ કર્યો. સમ્મેતશિખર પર સને ૧૮૯૧માં ચરબીનું કારખાનું નાખવાનું હતું ત્યાં તેઓ ગયા અને કોર્ટ કેસમાં જીત્યા તેથી તીર્થસ્થાન પરની હત્યા બંધ થઈ.

૧૮૯૩માં ચિકાગોમાં વિશ્વ ધર્મ પરિષદના જૈન પ્રતિનિધિ તરીકે ગયા. આમ તો આચાર્ય શ્રી આત્મારામજીને આ પરિષદમાં આવવાનું આમંત્રણ હતું પણ જૈન સાધુ દરિયાપાર વિદેશપ્રવાસે ન નીકળી શકે તેવી પરિસ્થિતિને અનુલક્ષીને તેમણે વીરચંદભાઈને ચિકાગો મોકલવાનો નિર્ણય કર્યો. વીરચંદભાઈએ આ. શ્રી આત્મારામજી મહારાજ પાસેથી જૈન ધર્મનું ઊંડું જ્ઞાન મેળવ્યું ને પરિષદમાં જવા ઊપડયા. અમેરિકામાં તેમનાં ભાષણોની સારી છાપ પડી. ત્યાંનાં

વર્તમાનપત્રોએ પણ વીરચંદભાઈનાં ભાષણોની નોંધ લીધી. તેમનાં પ્રવચનોના કારણે તેમને રૌપ્ય ચંદ્રક એનાયત થયો હતો. તેઓ અમેરિકામાં બોસ્ટન, ન્યૂયૉર્ક, વૉશિંગ્ટન વગેરે શહેરોમાં પ્રવચન આપવા ગયા. કાસાડેગામાં તેમને સુવર્ણ ચંદ્રક મળ્યો. અમેરિકા બાદ તેઓ ઇંગ્લેંડ આવ્યા. ત્યાં પણ પ્રવચનમાળા શરૂ થઈ. તેમનાં પ્રવચનોથી પ્રભાવિત થઈને હર્બર્ટ વોરન નામના અંગ્રેજ જૈન ધર્માનુરાગી બન્યા અને લંડનમાં જૈન લિટરેચર સોસાયટી સ્થાપી. તેઓએ 'જૈનીઝમ' નામનું અંગ્રેજી પુસ્તક બહાર પાડયું હતું.

વીરચંદ રાઘવજી ગાંધી ત્રણ વાર અમેરિકા અને ઇંગ્લેંન્ડ ગયા. ત્રણે વાર અસંખ્ય વ્યાખ્યાનોમાં સ્થાનિક પ્રજાને અહિંસાનો ઉપદેશ આપીને જન ધર્મનો મહિમા સમજાવ્યો.

વિદેશમાં જઈને જૈન ધર્મનો પ્રચાર કરનાર આ મુઠ્ઠી ઊંચેરા પુરુષની સ્મૃતિમાં કશુંક સ્મારક બનવું જોઈએ. તેઓ બહુ નાની ઉંમરે ૭–૮–૧૯૦૧ના દિવસે મુંબઈમાં અવસાન પામ્યા.

## ચિત્રભાનુજી તથા સુશીલકુમાર :

ચિત્રભાનુજી શ્વેતાંબર ગુજરાતી જૈન સાધુ હતા. વિવાદના ઉગ્ર વા-વંટોળ વચ્ચે તેમણે વિદેશગમન કર્યું. તેઓ પોતાની જાતને આચાર્ય કે સાધુ કહેવડાવતા નથી. હવે તો તેઓ ગુરુદેવના નામે ઓળખાય છે. તેમની વાણી જુસ્સાભરી છે. તેમનું વ્યક્તિત્વ પ્રભાવશાળી છે. તેઓ જ્ઞાની

હોવા ઉપરાંત પ્રતિભાવંત વક્તા છે. તેઓ અમેરિકામાં ગયા. વિદેશના જૈનો તેમને સમજી શકયા. આફ્રિકા, ઇંગ્લેન્ડ, અમેરિકાના જૈનોને જ્ઞાનભૂખ હતી. ચિત્રભાનુનાં જ્ઞાનસભર પ્રવચનોનો લાભ લેવા હજારોની સંખ્યામાં લોકો ઉમટવા લાગ્યા. ચિત્રભાનુએ અમેરિકામાં ઇન્ટરનેશનલ જૈન મેડિટેશન સેન્ટર સ્થાપેલ છે. આ સંસ્થા યોગ, શાકાહારીપણું અને જૈન ધર્મના સિદ્ધાંતોનો પ્રચાર કરે છે. પૂ. ચિત્રભાનુ હજીયે ભારત, અમેરિકા, પૂર્વ આફ્રિકાની પ્રવચનયાત્રાએ નીકળીને તેમના જ્ઞાનનો લોકોને લાભ આપે છે.

## આચાર્ય સુશીલકુમાર :

ભારતની ધરતી છોડી, દરિયો ઓળંગી પરદેશ જનારાઓમાં સુશીલકુમાર મુનિ પણ વિખ્યાત છે. તેમનો જન્મ જૂનની પંદરમીએ ૧૯૨૬માં શિકોહપુરમાં (હરિયાણામાં) થયો હતો. તેઓ જન્મે બ્રાહ્મણ હતા. તેમણે સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લઈને ભારતમાં જ્ઞાન-પ્રચારને લગતાં વિવિધ કાર્યો કર્યાં હતાં. ૧૯૭૫માં સૌથી પ્રથમ તેમણે પરદેશની સફર ખેડી. વિરોધના વા-વંટોળમાં અડગ રહીને તેમણે પોતાનું કામ ચાલુ રાખ્યું. ન્યૂ યૉર્ક પાસે ન્યૂ જર્સીમાં તેમણે સિદ્ધાચલમની સ્થાપના કરી છે. અહીંયાં પંચતીર્થી (પાંચ દેરાસરો) નિર્માણ કરવાનો તેમનો વિચાર છે. આ ઉપરાંત પ્રકાશનની પ્રવૃત્તિઓ હાથ ધરીને જૈન ધર્મનો પ્રચાર પણ કરી રહ્યા છે. તેમની બીજી સંસ્થા ઇન્ટરનેશનલ

મહાવીર જૈન મિશન છે. તેની શાખાઓ લૉસ એન્જેલિસ, ઓહાયો, લંડન, બર્મિંગહામ, દિલ્હી એમ અનેક સ્થળે છે. નવકારમંત્રમાં તેઓ અતૂટ – અખંડ શ્રદ્ધા ધરાવે છે. અર્હમ્ મંત્રના ઉપાસક છે. બાળકો અને મોટેરાંઓ માટે યોગ-કેમ્પનું આયોજન કરે છે અને મંત્ર દ્વારા ચિત્તશાંતિનો મહિમા ફેલાવે છે. તેઓ રાજકીય ક્ષેત્રે પંજાબના શીખોના પ્રશ્નોમાં રસ લઈને વચગાળાના મધ્યસ્થી તરીકે સમજૂતી સાધવાના પણ પ્રશંસનીય પ્રયત્નો કરે છે.

## અમેરિકા અને કેનેડામાં જૈન ધર્મ

આ સદીમાં પાંચમા, છઠ્ઠા અને સાતમા દાયકામાં ભારતથી ઘણા જૈન વિદ્યાર્થીઓ અને ગ્રેજ્યુએટો અમેરિકા ગયા. આમાંના મોટાભાગના ત્યાં આગળ અભ્યાસ કરીને સ્થિર થયા. ઘણા ગ્રેજ્યુએટો ભારતમાં જ ડૉકટર, એન્જિનિયર, ફાર્મસીસ્ટ થયા હતા અને અમેરિકામાં સારા પગારની નોકરીની આશાએ ગયા હતા. પૂર્વ આફ્રિકાથી પણ થોડા મૂળ ભારતવાસી જૈનો ત્યાં ગયા. આમ અમેરિકામાં જૈન-ધર્મી લોકો આવી વસ્યા. આ સંખ્યા અત્યારે તો ૩૦ થી ૩૫ હજારની છે. બ્રિટનમાં ૨૫ થી ૩૦ હજાર જૈનો છે. અમેરિકાના જૈનોમાં ગુજરાતીઓ સવિશેષ છે. ભણેલાઓમાં એન્જિનિયરોની સંખ્યા વધારે પ્રમાણમાં છે.

અમેરિકા–કેનેડામાં સ્થાયી થયેલા જૈનોમાં મૂળ ભારતીય તથા જૈન સંસ્કારો તો હતા જ, પરંતુ શરૂઆતનાં વર્ષોમાં

જોઈએ તેવી સ્થિરતા ન જ હોય અને સ્થાયી થયા પછી જ બીજી પ્રવૃત્તિઓ નજરે પડે એ ન્યાયે પંદર-વીસ વર્ષના ગાળા બાદ જ જૈન ધર્મની પ્રવૃત્તિઓએ જોર પકડ્યું. લોકો વધુ ને વધુ જાગ્રત થયા. સ્થાયી થયેલાં ભાઈ-બહેનોનાં બાળકો મોટાં થવા લાગ્યાં. તેમનામાં જૈન ધર્મના સંસ્કારો જળવાઈ રહે, જૈન ધર્મ શું છે તે વાત તેઓ શીખે – સમજે અને અનુસરે તે મહત્ત્વનું બની રહ્યું.

અમેરિકામાં અત્યારે તો ફેડરેશન ઑફ જૈન એસોસિએશન ઇન નોર્થ અમેરિકા નામની માતબર સંસ્થા છે. નોર્થ અમેરિકા એટલે આખોયે U.S.A. દેશ અને કેનેડા તેમાં આવી જાય છે. આ સંસ્થાના નેજા હેઠળ વિભાગીય સંસ્થાઓ છે. મોટા ભાગની સંસ્થાઓ ફેડરેશનના સ્થાપનાકાળ પહેલાંની છે. કેટલીક સંસ્થાઓ હજીયે ફેડરેશનથી અલગ છે. પરંતુ એક વાત ચોક્કસ કે આ સંસ્થાઓ સહુ જૈનોને ભેદભાવ વગર આવરી લે છે.

ફેડરેશન નીચે જે જે સંસ્થાઓ છે તે આ પ્રમાણે છે :

(૧) બોસ્ટનની જૈન સેન્ટર ઑફ ગ્રેટર બોસ્ટન : આ સંસ્થા પાસે પોતાનું મકાન વેલ્સલીમાં છે. એક જૂના ચર્ચને ખરીદીને ત્યાં દેરાસર તથા સંસ્થાનું પ્રવૃત્તિસ્થાન બનાવેલ છે. દેરાસરમાં પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. અવારનવાર સત્સંગ યોજાય છે. સંસ્થા પોતાનું ન્યૂઝ લેટર પણ કાઢે છે.

(૨) બફેલો ગામના જૈનો પોતાની નાની સંસ્થા ચલાવી રહ્યા છે અને ધાર્મિક પ્રવૃત્તિઓ કરે છે.

(૩) ચાર્લોટમાં પણ આ જ રીતે જૈન સ્ટડી ગ્રુપ ચાલે છે.

(૪) શિકાગોમાં જૈન સોસાયટી ઑફ શિકાગો છે. શિકાગો બહાર હવે વિશાળ જમીન ખરીદવામાં આવી છે, અને ત્યાં દેરાસર બાંધવાનો પ્લાન છે. અત્યારે મહેમાન વક્તાઓનાં પ્રવચનો તથા પર્યુષણ અને મહાવીર જયંતીના કાર્યક્રમો થાય છે.

(૫) સીનસીનાટી : અહીંનું જૈન સેન્ટર પણ પ્રવૃત્તિશીલ છે.

(૬, ૭, ૮) ગ્રેટર ક્લીવલેન્ડ, કનેક્ટીકટ અને ટેક્ષાસ (ડલાસ)નાં જૈનકેન્દ્રો પણ નાનીમોટી પ્રવૃત્તિઓ કરે છે.

(૯) ડેટ્રોઈટ : અહીંની જૈન સોસાયટી જૈન પાઠશાળા પણ ચલાવે છે. દર મહિને એક વાર શિક્ષણ માટે સહુ ભેગાં થાય છે. મહાવીર જયંતી, પર્યુષણની ઉજવણી તથા મહેમાન વક્તાઓનાં પ્રવચનો યોજાય છે.

(૧૦) હ્યુસ્ટનમાં જૈન સોસાયટી છે.

(૧૧) જૈન સોસાયટી ઑફ સાઉથ કેલીફોર્નીઆનું મથક લૉસ એન્જેલિસ છે. આ વિસ્તારમાં એકાદ હજાર જૈનો વસે છે. ઓરેન્જ કાઉન્ટીના પાર્ક નામના વિસ્તારમાં વિશાળ જમીન ખરીદ કરવામાં આવી છે. અહીંયાં છ લાખ ડોલરના ખર્ચે (હવે ખર્ચ વધવાનો સંભવ છે) જૈન ભવન તૈયાર કરવામાં

આવી રહ્યું છે. તેમાં લાયબ્રેરી, પાઠશાળા તથા દેરાસર પણ હશે. ૫૦ કારના પાર્કિંગની સગવડતા પણ છે. આ (ભવન) ૧૯૮૮માં પૂર્ણ થશે.

(૧૨) ન્યૂ યૉર્ક : અહીં ઇથાગા સ્ટ્રીટ ખાતે નાનું દેરાસર છે. એક મકાન મેળવીને તેમાં જ નાનું દેરાસર બનાવેલ છે. ભગવાન મહાવીરસ્વામીની મૂર્તિ પધરાવેલી છે. દર શુક્રવારે સત્સંગ – સ્વાધ્યાય થાય છે. પૂજન ઇત્યાદિ વિધિ-વિધાનની પ્રવૃત્તિઓ થાય છે. ભક્તિગીતોથી વાતાવરણ ગુંજતું રહે છે. ન્યૂ યૉર્કમાં ઘણા જૈનો છે તેથી વિશેષ પ્રમાણમાં પ્રવૃત્તિઓ થાય છે.

(૧૩) ન્યૂ જર્સી : ન્યૂજર્સીમાં એસેક્ષ ફૉલ્સ વિસ્તારમાં એક સુંદર જગ્યા ખરીદીને ત્યાં જૈન કેન્દ્ર ચલાવાય છે. પ્રભુજીની સુંદર પ્રતિમા છે. નિયમિત ભક્તિસંગીત, સ્વાધ્યાય-પૂજન ઇત્યાદિ થાય છે. મૂળ નાયક પાર્શ્વનાથ ભગવાન છે. મહાવીરસ્વામી તથા આદિનાથભગવાનની પણ મૂર્તિઓ છે.

(૧૪) પીટસબર્ગ : અહીં અનોખું કહી શકાય તેવું મંદિર છે. અહીં હિંદુ તથા જૈન સંયુક્ત મંદિર છે. હિંદુઓ અને જૈનો પરસ્પર ભ્રાતૃભાવ કેળવીને ધાર્મિક પ્રવૃત્તિઓ કરે છે.

(૧૫) નૉર્થ કેરોલાઇનામાં જૈન સ્ટડી સેન્ટર છે.

(૧૬, ૧૭) રોચેસ્ટર તથા સેંટ લુઇસનાં સેન્ટરો પણ પ્રવૃત્તિમય છે.

(૧૮) દક્ષિણ કેલીફૉર્નીઆનું જૈનમથક જેમ લૉસ

એન્જેલિસ છે તેમ ઉત્તર કેલીફોર્નીઆનું મથક સાનફ્રાન્સીસ્કો શહેરમાં છે. જોકે લૉસ એન્જેલિસ જેટલા વિપુલ પ્રમાણમાં અહીં પ્રવૃત્તિઓ થતી નથી.

(૧૯) જૈન સોસાયટી ઑફ મેટ્રોપોલીટન વૉશિંગ્ટન નામની સંસ્થા સતત કાર્યશીલ છે. ન્યૂઝ લેટર દ્વારા હંમેશાં સંપર્કમાં રહે છે. અહીં દર મહિને ધાર્મિક વર્ગો ચાલે છે. પોતાની લાયબ્રેરી પણ છે.

(૨૦ તથા ૨૧) સેન્ટ્રલ ફ્લોરીડા અને મીલવૉકીમાં જૈન સેન્ટરો છે.

આ સંસ્થાઓ ઉપરાંત ફેડરેશનમાં સામેલ ન હોય તેવી સંસ્થાઓ એલનટાઉન, લૉંગ આઇલેંડ, લુઇસીઆના, સાનાડીઆગો, શિકાગો, બ્રિટિશ કોલંબિયા, સાઉથ ન્યૂજર્સી, મીનેસોટામાં છે. વળી ચિત્રભાનુજી અને સુશીલકુમારનાં મિશનો તથા તેમના દ્વારા ચાલતી સંસ્થા પણ છે, જેમાં ચિત્રભાનુજીનું ન્યૂ યૉર્ક ખાતેનું મેડિટેશન સેન્ટર અને સુશીલકુમારનું ન્યૂ જર્સીનું સિદ્ધાચલમ્ અગ્રસ્થાને છે.

ફેડરેશન ઑફ જૈન અ. ઇન નૉર્થ અમેરિકામાં કેનેડાનાં કેન્દ્રો પણ આવી જાય છે. આમાં ટોરોન્ટો, મોન્ટ્રીઅલ વગેરે મુખ્ય છે. ટોરોન્ટોમાં પણ જૂના મકાનને મેળવીને ત્યાં દેરાસર તથા પ્રવૃત્તિકેન્દ્ર બનાવેલ છે. ઘણી ધાર્મિક પ્રવૃત્તિઓ અહીં થાય છે.

ફેડરેશનની સ્થાપના ૧૯૭૯માં થઈ હતી. તેનું પ્રથમ અધિવેશન ૧૯૮૧માં લૉસ એન્જેલિસમાં, બીજું ૧૯૮૩માં

ન્યૂ યૉર્કમાં, ત્રીજું ૧૯૮૫માં ડીટ્રોઇટમાં અને ચોથું મે '૮૭માં શિકાગોમાં ભરાયું હતું. ફેડરેશનનું ત્રૈમાસિક મેગેઝીન 'જૈન ડાયજેસ્ટ' નાનું પણ માહિતીના ખજાના સમાન હોય છે.

અમેરિકાના જૈનો છૂટાછવાયા હોવા છતાંયે જૈન ધર્મના સંસ્કારો તેમને એકસૂત્રે બાંધે છે. તેઓમાં દેરાવાસી-સ્થાનકવાસી, શ્વેતાંબર-દિગંબરના ભેદ નહીંવત્ છે તે આનંદની વાત છે.

## વિદેશમાં જૈન હસ્તપ્રતો

ભારતમાં મોગલો આવ્યા અને છૂટાછવાયા પ્રદેશો પર ત્રણસો વર્ષ રાજ્ય ચલાવ્યું. વ્યાપારની શોધમાં આવેલ અંગ્રેજ, ફ્રેંચ, પોર્ટુગીઝ અને ડચ પ્રજાએ ભારતના પ્રદેશો કબજે કરવા માટે પ્રયત્નો કર્યા અને યુદ્ધો ખેલ્યાં. અંગ્રેજો આવા વાદ-વિવાદ અને લડાઈઓમાં જીત્યા. ભારત પર અંગ્રેજી શાસન લદાયું. અંગ્રેજ શાસનના ગાળા દરમિયાન અનેક અંગ્રેજ વિદ્વાનો અને ભારતીય સંસ્કૃતિમાં રસ લેનાર કલાપ્રેમી-સાહિત્યપ્રેમી મહાનુભાવો પણ ભારત આવ્યા હતા. ભારતમાંના તેમના વસવાટ દરમિયાન તેમણે ભારતીય ભાષાઓની હસ્તપ્રતો પોતાના માટે મેળવી હતી. આવી અનેક હસ્તપ્રતો બ્રિટનમાં આવેલી છે. કોઈ કોઈ ફ્રેંચ અને જર્મન વિદ્વાનો હસ્તપ્રતોને ફ્રાંસ અને જર્મની પણ લઈ ગયા છે. કેટલીક વાર કળા-કારીગરીની ચીજો, હસ્તપ્રતો ભેટ મળતી હતી તો કયારેક મોટા પાયે ખરીદવામાં પણ આવતી હતી.

અત્યારે તો વિશ્વના અનેક દેશોમાં ભારતીય વસ્તુઓ વીખરાયેલી પડી છે.

અમેરિકામાં ન્યૂ યૉર્કની સેન્ટ્રલ લાયબ્રેરીમાં અને વૉશિંગ્ટનના સંગ્રહસ્થાનમાં જૈન હસ્તપ્રતો અને જૈન ચીજ-વસ્તુઓ છે. મારા અમેરિકાના પ્રવાસ દરમિયાન ન્યૂ યૉર્કની સેન્ટ્રલ લાયબ્રેરીમાં જૈન ધર્મવિષયક પ્રદર્શન નિહાળ્યું હતું. તેમાં કલ્પસૂત્ર, સૂર્ય પ્રજ્ઞપ્તિ, ચંદ્ર પ્રજ્ઞપ્તિની ઘણી હસ્તપ્રતો પ્રદર્શનમાં મૂકેલી હતી. દીવાલ ઉપર મૂળ ખંભાતનો વિશાળ વિજ્ઞપ્તિપત્ર લટકાવેલો હતો. અનેક મીનીએચર ચિત્રોથી સુશોભિત આ વિજ્ઞપ્તિપત્રનું મૂલ્ય અત્યારે આંકી શકાય કે કેમ તે શંકાસ્પદ છે. આ સિવાય ચૌદ રાજલોકનાં ચિત્રો પણ દીવાલ પર મૂકયાં હતાં.

અમેરિકામાં હસ્તપ્રતોનો વિશાળ સંગ્રહ નથી. તેની સંખ્યા સો-બસોની આસપાસ હશે.

ભારત બહાર હસ્તપ્રતોનો સૌથી મોટો સંગ્રહ બર્લિન અને બોનની લાયબ્રેરીઓમાં (જર્મનીમાં) છે. જર્મનીમાં સંસ્કૃત ભાષા પ્રત્યે હજીયે પ્રેમ છે. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓની હસ્તપ્રતોનો મોટો સંગ્રહ અહીં છે. અહીંયાં કેટલી હસ્તપ્રતો છે તેનો ચોક્કસ આંકડો પ્રયત્ન કરવા છતાંયે ઉપલબ્ધ નથી થતો. જે હસ્તપ્રતો જર્મનીમાં આવી હતી તેનાં કેટેલોગ ગઈ સદીમાં તૈયાર થયાં હતાં, પરંતુ આ કેટેલોગની નવી આવૃત્તિઓ બહાર પડી નથી. જૂની આવૃત્તિઓના આધારે કોઈ ચોક્કસ આંકડો નક્કી થઈ શકે

નહીં. વળી હસ્તપ્રતોને અન્ય લાયબ્રેરીઓમાં ખસેડવામાં આવી છે એટલે નવા-જૂના સંગ્રહમાં ગોટાળો પ્રવર્તે છે. ભારતથી કોઈ જર્મની જાય અને છએક મહિના ત્યાં રહે તો જ સાચી પરિસ્થિતિનો પાર પામી શકાય. અમુક હસ્તપ્રતો પૂર્વ જર્મનીમાં છે જે અત્યારે સામ્યવાદી શાસન નીચે છે. કોઈ રિસર્ચ માટે જાય તો તેને તે માટે પરવાનગી પણ જલદી ન મળે તેવી હાલત છે! હમણાં હમણાં મેં જોયેલ કેટેલોગ પ્રમાણે બર્લિનમાં ૫૬,૦૦૦થી વધારે ઓરીએન્ટલ હસ્તપ્રતો છે. પરંતુ ઓરીએન્ટલ એટલે પૂર્વના દેશો. તેમાં ઈરાન, તિબેટ, બર્મા, થાઇલેન્ડ, શ્રીલંકા વગેરે સઘળા આવી જાય. આમાંથી ભારતની હસ્તપ્રતો કેટલી અને તેમાંયે જૈન હસ્તપ્રતો કેટલી તેનો અંદાજ નીકળી શકે તેમ નથી. ૫૬,૦૦૦માંથી ચોથા ભાગની ભારતીય ગણો તો ૧૪,૦૦૦ ગણાય અને તેમાંથી ચાર-પાંચ હજાર જૈન હસ્તપ્રતો હશે તેવું માની શકાય. વિવિધ કેટેલોગ વગરનું આ અનુમાન જ છે. પરંતુ હું એવા નિષ્કર્ષ પર આવ્યો છું કે સામાન્ય રીતે જે માન્યતા પ્રવર્તે છે તેનાથી ઓછી હસ્તપ્રતો જર્મનીમાં હશે. અત્યારે જર્મનીમાં મારા મત મુજબ અને કેટેલોગની ગણતરી પ્રમાણે ૫૦૦૦ થી ૭૦૦૦ હસ્તપ્રતો હશે.

ભારતમાં ઘણા જૈન વિદ્વાનો ૨૦ થી ૨૫ હજારનો આંકડો માને છે તેમાં ગંભીર અતિશયોક્તિ છે.

ફ્રાંસની પેરિસની લાયબ્રેરીમાં અને ઓસ્ટ્રીયામાં વિએનામાં પણ જૈન હસ્તપ્રતો સચવાઈ છે. આ હસ્તપ્રતોનો

પણ ચોક્કસ આંકડો કાઢવો મુશ્કેલ છે. પરંતુ આ સંગ્રહ ખાસ મોટો નથી. બંને દેશોમાં થઈને ૫૦૦ આસપાસ જૈન હસ્તપ્રતો માંડ હશે.

## બ્રિટનમાં જૈન હસ્તપ્રતો :

બ્રિટિશ શાસનકાળ દરમિયાન માત્ર હસ્તપ્રતો અને જૂનાં પુસ્તકો જ નહીં, કળા-કારીગરીની અસંખ્ય વસ્તુઓ અને મૂર્તિઓ ભારતથી બ્રિટનમાં લાવવામાં આવેલાં. સદ્‌ભાગ્યે અહીં બધું જ સચવાઈ રહ્યું છે. અમુક નાના ખાનગી સંગ્રહો બાદ કરતાં જ મોટા ભાગની હસ્તપ્રતો અહીંની લાયબ્રેરીઓમાં સારી રીતે સાચવી રાખવામાં આવી છે. બ્રિટનમાં બ્રિટિશ સરકારની માલિકીની ઇન્ડિયા ઑફિસ રેકૉર્ડ્સ અને લાયબ્રેરી નામની સંસ્થા (જે બ્રિટિશ લાયબ્રેરીનો જ એક ભાગ છે) છે ત્યાં છેલ્લાં ૨૦૦ વર્ષનાં દસ્તાવેજો, ચિત્રો, પુસ્તકો, હસ્તપ્રતોનો જંગી સંગ્રહ છે. નવ માળના મોટા મકાનમાં આ સંગ્રહ સાચવી રાખવામાં આવ્યો છે. આ 'ઇન્ડિયા ઑફિસ'ની સ્થાપના ૧૮૦૧માં થઈ હતી અને ૧૮૬૭માં તે વિસ્તૃત કરાઈ હતી. આ લાયબ્રેરીના સંગ્રહમાં કુલ ૪૨,૦૦૦ હસ્તપ્રતો છે અને ૩ લાખ ગ્રંથો છે. અહીંયાં પણ ઈરાન, ભારત, બર્મા, તિબેટ, શ્રીલંકા, થાઇલેન્ડ જેવા દેશોના સંગ્રહ છે. અહીં પાલી, અર્ધમાગધી, પહલવી, પુસ્તુ, કોટા, તુલુ, સાંતાલી, ખાસી, તિબેટન, ચાઇનીઝ, બર્મીઝ વગેરે ભાષાઓમાં પુસ્તકો અને હસ્તપ્રતો છે. ૪૨,૦૦૦માંથી લગભગ ૧૦,૦૦૦

સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી હસ્તપ્રતો છે. સંસ્કૃત-પ્રાકૃતના બે મોટા કેટેલોગમાં આશરે બારસો જૈન હસ્તપ્રતો છે. થોડી હસ્તપ્રતો બ્રિટિશ મ્યુઝીયમ અને વિકટોરિયા અને આલ્બર્ટ મ્યુઝીયમમાં પ્રદર્શિત કરેલી છે.

સુવર્ણાક્ષરથી મંડિત અને સુશોભનયુક્ત ચિત્રોથી અંકિત કલ્પસૂત્રની અને ઉત્તરાધ્યયનસૂત્રની હસ્તપ્રતો અહીં મ્યુઝીયમમાં લોકોને જોવા માટે રખાયેલી છે. કલ્પસૂત્રની હસ્તપ્રત બ્રિટિશ મ્યુઝીયમમાં છે. ઉત્તરાધ્યયનસૂત્રની વિકટોરિયા અને આલ્બર્ટ મ્યુઝીયમમાં છે. તે પંદરમી સદીની છે. જૈન હસ્તપ્રતો મોટા ભાગે ઈ. સ. ૧૪૦૦ની પછીની છે. જોકે એક હસ્તપ્રત ઈ. સ. ૧૨૦૧ની છે તે જીનકલ્પસૂત્રની છે અને તાડપત્રી પર લખાયેલી છે. (નંબર or ૧૩૮૫) આ હતસ્પ્રત બ્રિટિશ લાયબ્રેરી ઓરીએન્ટલ વિભાગમાં છે. આ 'લાયબ્રેરી' સ્ટોર સ્ટ્રીટ નામના રસ્તા પર આવેલી છે. સ્ટોર સ્ટ્રીટની લાયબ્રેરીનો સંગ્રહ ખરેખર જોવાલાયક છે. સ્ટોર સ્ટ્રીટમાં પણ સંસ્કૃત-પ્રાકૃત જૈન હસ્તપ્રતો તથા જૂનાં પુસ્તકો છે. અહીંનાં અસંખ્ય જૂનાં પુસ્તકો પણ અદ્‌ભુત સંશોધનસામગ્રી પૂરી પાડે છે. માત્ર જૈન સાહિત્યમાં જ નહીં પરંતુ જૂના ગુજરાતી સાહિત્યમાં સંશોધન કરનારને અહીં વિપુલ પ્રમાણમાં સામગ્રી મળી રહે તેમ છે.

લંડનમાં સ્કૂલ ઑફ ઓરીએન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝની લાયબ્રેરીમાં પણ જૈન હસ્તપ્રતો અને જૂનાં જૈન પુસ્તકો છે. લંડનથી ઉત્તરે ઑક્સફર્ડ શહેરમાં આવેલી

ઓડેલીયન લાયબ્રેરીમાં પણ જૈન હસ્તપ્રતો અને પુસ્તકોનો સંગ્રહ છે. આ બધી જગ્યાએ કુલ કેટલી હસ્તપ્રતો હશે તેનો ચોક્કસ આંકડો ઉપલબ્ધ નથી. ચોક્કસ આંકડો મેળવવો પણ મુશ્કેલ છે, કારણ કે ભૂતકાળમાં સંગ્રહ એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવાયો છે. જૂનાં કેટેલોગ પર સંપૂર્ણ આધાર રાખી શકાય નહીં. આમ છતાંયે અંદાજે કુલ ચારથી પાંચ હજાર જૈન હસ્તપ્રતો બ્રિટનમાં હશે તેમ માનવામાં ખાસ હરકત નથી.

જૂનાં જૈન પુસ્તકોમાં રાય ધનપતસિંહ બહાદુરે છપાવેલ ગ્રંથો ભાગ ૧ થી ૧૩ કલકત્તાથી ૧૯૩૬માં બહાર પડેલો તે (સ્ટોર સ્ટ્રીટ લાયબ્રેરી), ડૉ. જેકબીની સલાહથી ગુજરાતીમાં જૈયાર થયેલાં ઉત્તરાધ્યયનસૂત્ર, ડૉ. વોલ્થર શુબ્રીંગે જેનું પ્રૂફ તપાસેલ તે દશવૈકાલિક સૂત્ર સને ૧૯૧૨ આ બંને પણ સ્ટોર સ્ટ્રીટ લાયબ્રેરીમાં છે. આચારાંગ સૂત્રનું પ્રથમ ગુજરાતી ભાષાંતર ૧૯૦૨માં થયું તે અમદાવાદથી બહાર પડેલું પુસ્તક મૂળ તથા ગુજરાતી ભાષાંતર સાથે છે તે પણ સ્ટોર સ્ટ્રીટમાં છે. તે જેકબીએ કરેલ આચારાંગ સૂત્રનો તથા ઉત્તરાધ્યયનસૂત્રનો અનુવાદ છે. તેની મૂળ આવૃત્તિ ઇન્ડિયા ઑફિસ રેકોર્ડ એન્ડ લાયબ્રેરીમાં છે. પ્રકરણ રત્નાકરના ૪ મહાગ્રંથો છે તેમાં ૪૦ જેટલા જૈન પ્રાચીન ગ્રંથોની કોપી ઉતારેલી છે. આ પુસ્તકો ભીમસિંહ માણેકે ૧૮૭૬ થી ૧૮૮૧માં છપાવેલાં તે સ્ટોર સ્ટ્રીટ લાયબ્રેરીમાં છે. અસંખ્ય નાની નાની પુસ્તિકાઓ પણ ગઈ સદીના ઉત્તરાર્ધની છે.

**જૈન મૂર્તિઓ :**

ભગવાન પાર્શ્વનાથની સુંદર મૂર્તિ બ્રિટિશ મ્યુઝીયમમાં છે તે ચૌદમી સદીની છે. બીજી મૂર્તિ વિકટોરિયા અને આલ્બર્ટ મ્યુઝીયમમાં છે. આ કલેક્શનની વિસ્તૃત માહિતી ઉપલબ્ધ નથી.

## સુદાનમાં જૈન ધર્મ

સુદાન દેશમાં ખાર્તુમ, સુદાન, ઓમદુરમાન નામનાં જાણીતાં શહેરો છે. પોર્ટ સુદાન એક વેળાએ પ્રવૃત્તિઓથી ધમધમતું હતું. અનેક ભારતીયો ત્યાં રહેતા હતા. ૧૮૯૯થી ૧૯૫૬ના ગાળા દરમિયાન ત્યાં ઈંગ્લિશ–ઇજિપ્શિયન રાજ્ય હતું. ૧૯૫૬ થી '૬૪ દરમિયાન લશ્કરી શાસન હતું. ૧૯૨૦ની સાલથી જૈનોની વસ્તી આવવી શરૂ થઈ હતી. ૧૯૪૮માં ત્યાં દેરાસર હતું. આ દેરાસર શિખરબંધી નહોતું. પર્યુષણ, આયંબિલ, ઓળી, ધર્મભાવનાથી થતાં હતાં. ૭૦૦ થી ૮૦૦ જૈનો હતા. સુદાનના બીજા એક શહેર ઓમદુરમાનમાં ઘર-દેરાસર હતું અને મહાવીરસ્વામીની પ્રતિમા બિરાજમાન કરી હતી. અત્યારે જૈનોની વસ્તી ઓછી થઈ ગઈ છે અને જૈનો ફરી પાછા ભારત ગયા છે યા તો અન્ય દેશોમાં જઈ સ્થિર થયા છે.

**એડન** : પોર્ટ એડન અત્યારે તો સાઉથ યેમેનનું મોટું શહેર છે. એડનમાં આ સદીની શરૂઆતમાં ભારતીય વેપારીઓ ઘીકાંટો ધંધો કરતા હતા. ૬૦ થી ૭૦ વર્ષ પહેલાં ત્યાં જૈનોની વસ્તી લગભગ ૨૦૦૦ની હતી. ત્યાંના કાપડ

બજારમાં – કેટર વિસ્તારમાં દેરાસર હતું, જેમાં મહાવીર-સ્વામીની ને શાંતિનાથની પ્રતિમાઓ બિરાજમાન હતી. આ પ્રતિમાઓ હવે તો ભારત લઈ જવામાં આવી છે. અત્યારે તો શાસનરક્ષક દેવ મણિભદ્રબલની છબી જ ત્યાં છે. હાલ ત્યાં ૩૦ થી ૪૦ જૈનો વસે છે. બીજા પરમીટ લઈને કામચલાઉપણે આવે-જાય છે. એડનમાં સેકશન એ, સ્ટ્રીટ નં. ૧ માં સ્થાનકવાસી અપાસરો પણ હતો. એડનમાં હિંદુ વસ્તી પણ સારા પ્રમાણમાં હતી. પહાડ પર શંકર મંદિર (એડન ટોકીઝ પાછળ), રામ-મંદિર (સ્ટીમર પોઈન્ટ પર), હવેલી (સ્ટીર નં. ૨ માં) તથા માતાજીનું મંદિર (ખુશાફમાં) હતાં.

## જંગબાર ઉર્ફે ઝાંઝીબાર

સદીઓથી સાહસિક વહાણવટીઓ ઝાંઝીબારની ખેપ કરતા આવ્યા છે. ઝાંઝીબારમાં અનેક ભાટીઆ વેપારીઓ વસેલા. ગઈ સદીના મધ્ય અને ઉત્તર ભાગમાં ત્યાંનો લવિંગનો મોટા ભાગનો વેપાર તેમના હસ્તક હતો. ભાટીઆ વેપારીઓ કુશળ હતા. તેમણે તેમની સાહસપ્રિય મનોવૃત્તિ અને કુનેહથી ઘણું ધન મેળવ્યું હતું. ત્યાંના મૂળ આરબ ખેડૂતોને દેવાદાર બનાવીને તેમનું શોષણ કરવા માટે પણ ભારતીય વેપારીઓ પર આરોપ છે. આરબોમાં જાગૃતિ આવતી ગઈ તેમ તેમ તેઓ લવિંગનો ધંધો હાથમાં લેતા ગયા. ત્યાંના સુલતાનમાં પણ ભારતીયો પ્રત્યે અભાવની લાગણી જન્મી હતી. ૧૮૯૦થી ૧૯૬૩ સુધી ઝાંઝીબાર બ્રિટિશ રક્ષણ હેઠળ હતું. ૧૯૬૩ પછી તો ભારતીયો વધુ ને વધુ પ્રમાણમાં ઝાંઝીબાર છોડી

જવા લાગ્યા. ૧૯૬૪માં ઝાંઝીબારના સુલતાનની પણ હકાલપટ્ટી થઈ અને ઝાંઝીબારનું ટાંગાનિકા સાથે જોડાણ થયું, જે દેશ અત્યારે ટાન્ઝીનીઆના નામે ઓળખાય છે.

જંગબાર પૂર્વ આફ્રિકાનું બારું હતું. જંગબારમાં ભારતીય લોકો આવવા લાગ્યા તેમાં જૈનો પણ હતા. જંગબારમાં સહુ પ્રથમ ભીમાણીના ગુલ્ફામાં ઘર-દેરાસર થયું હતું. આ દેરાસરમાં પંચધાતુની શ્રી નેમિનાથભગવાનની પ્રતિમા તથા બીજી છબીઓ મૂકવામાં આવી હતી. પર્યુષણપર્વ ધામધૂમથી ઉજવાતાં હતાં. ૨૫–૩૦ વર્ષ વીત્યા બાદ કચ્છી જૈન દેરાવાસી સંઘના કાર્યકર્તાઓએ એક મકાન ખરીદ કર્યું અને દેરાસરનું બાંધકામ શરૂ કર્યું.

આ શિખરબંધી દેરાસરમાં મૂળ નાયક શ્રી મહાવીર સ્વામી તથા જમણી બાજુ શ્રી પાર્શ્વનાથજી અને ડાબી બાજુ શ્રી શાંતિનાથજીની પ્રતિમાઓ પધરાવવામાં આવી. આ પ્રતિષ્ઠા મહોત્સવ ૧૯૭૭ના ફાગણ સુદ ૩, મુંબઈના ગોડીજી દેરાસરના ટ્રસ્ટીઓની ભલામણથી હિંમતવિજયજીએ જંગબાર આવીને કર્યો હતો. આ દેરાસરમાં સંવત ૧૮૮૯માં જૈન પાઠશાળા શરૂ થઈ હતી. શિખરબંધી દેરાસર પૂરું થયાને ૨૫ વર્ષ થયાં ત્યારે વિક્રમ સંવત ૨૦૦૨માં સંવત્સરીના આગલા દિવસે એક ચમત્કાર થયો હતો. ભગવાનશ્રી પાર્શ્વનાથજીનાં કુંડલ તથા મુગટમાંથી પ્રકાશ રેલાયો હતો. આ રાત્રે અચાનક દેરાસરમાં સંગીતના સૂરો પણ સંભળાતા હતા. બીજે દિવસે સંવત્સરીના શુભ દિને સવારના દસ વાગ્યે

પણ પાર્શ્વનાથભગવાનના મુગટમાંથી પ્રકાશ રેલાતો હતો. જંગબારમાં સને ૧૯૬૩માં ૪૫૦ દેરાવાસી, ૪૦૦ સ્થાનકવાસી ભાઈઓ હતા. શિખરબંધી દેરાસર ઉપરાંત જૂનું દેરાસર પણ હતું.

આ સિવાય એક નગરીઆ દેરાસર હતું. આ દેરાસર વિ. સં. ૧૯૫૫ના શ્રાવણ માસમાં ઘર-દેરાસર હતું. મહાવીરસ્વામીની છબી મૂકી હતી. અહીંથી તે પછી નળવાળા ગુલફામાં સંવત ૧૯૮૭માં ખસેડયું હતું. પર્યુષણમાં પ્રતિક્રમણ-ભાવના થતાં હતાં. આયંબિલ તપ પણ થતાં હતાં અને ત્યાં પણ જૈન પાઠશાળા શરૂ થઈ હતી.

જંગબારમાંથી સ્થળાંતર શરૂ થયું અને ધાર્મિક પ્રવૃત્તિઓનો લગભગ અંત આવ્યો. જંગબારના શિખરબંધી દેરાસરની પ્રતિમાઓ નાઈરોબી લઈ જવામાં આવેલ અને ત્યાં સ્થાપના થયેલ છે.

ઈથિયોપીઆમાં એડીસાબાબા શહેરમાં ૫૦–૬૦ વર્ષ પહેલાં ૬૦૦ થી ૭૦૦ જૈનો હતા. સર્વ પ્રકારે જૈન ધર્મને લગતી પ્રવૃત્તિઓ ઉત્સાહભેર થતી હતી. દેરાસર નહોતું. અત્યારે તો અહીંથી પણ મોટા ભાગના જૈનો બીજે ચાલ્યા ગયા છે.

જીબુટી : ૫૦ વર્ષ પહેલાં જીબુટી બંદર ફ્રેંચ કોલોની હતું. અહીં વેપાર અર્થે ૩૦૦ જૈનો વસતા હતા. ઘર-દેરાસર નહોતું પરંતુ સહુ સાથે મળીને પર્યુષણમાં પ્રતિક્રમણ ઇત્યાદિ કરતા હતા.

## દારેસલામમાં જૈન ધર્મ

દારેસલામ અત્યારે ટાન્ઝાનીઆનું પાટનગર છે. પૂર્વ આફ્રિકામાં ભારતીય પ્રજા વધવા લાગી તેમ તેમ તેઓએ અંતરિયાળ પણ વસવાટ શરૂ કર્યો. યુગાન્ડાના અત્યારના પાટનગર કંપાલામાં એકાદ હજાર જૈનો હતા તેમાં ૮૦૦ જેટલા સ્થાનકવાસી તથા ૨૦૦ જેટલા દેરાવાસી હતા. ટાંગાનિકામાં દારેસલામમાં જૈનો આ સદીની શરૂઆતથી જ આવવા લાગ્યા હતા. ૧૯૩૦માં સંખ્યા લગભગ એક સો સુધી પહોંચી હતી, અને જૈનસંઘની સ્થાપના થઈ હતી. ૧૯૪૩માં વસ્તી ૩૦૦ જૈનોની થઈ એટલે જૈન સંઘે બે રૂમ ભાડે રાખ્યા. એક રૂમમાં દેરાસર જેવું બનાવ્યું તથા બીજા રૂમનો ધાર્મિક પ્રવૃત્તિઓ માટે ઉપયોગ કર્યો. ત્યાર પછી તો વસ્તીમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો અને એક મોટું મકાન ખરીદવામાં આવ્યું. આ મકાન દેરાસર, ઉપાશ્રય અને ધાર્મિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બન્યું. ૧૯૬૩માં જૈનોની સંખ્યા આશરે ૮૫૦ની હતી. અત્યારે તે ઘટી છે અને સમગ્ર ટાન્ઝાનીઆમાં ૩૫૦થી વધારે જૈનો નહીં હોય તેવો અંદાજ છે. જોકે હજીયે ઉપર્યુક્ત દેરાસર વિદ્યમાન છે અને ધાર્મિક પ્રવૃત્તિઓ થાય છે.

## મોંબાસા : જૈનોની ગૌરવગાથા

પૂર્વ આફ્રિકાના કેન્યા દેશના કિનારે રળિયામણું શહેર એટલે મોંબાસા. ભારતીય વેપારીઓનું એક વેળાનું માનીતું

વ્યાપારી મથક. સુંદર આબોહવા અને ફુદરતી સૌંદર્યવાળા આ શહેરે ભારતીય લોકોની આવન-જાવન વિપુલ પ્રમાણમાં જોઈ છે. કચ્છી વહાણવટીઓ તો સદીઓથી પૂર્વ આફ્રિકાની દરિયાઈ સફરો ખેડતા આવ્યા છે. સાહસિક વેપારીઓ આ રીતે વ્યાપાર અર્થે જતા અને ભારત પાછા ફરતા. જંગબાર, મોંબાસા જેવાં સ્થળોએ વસાવટ તો ગઈ સદીના ઉત્તરાર્ધથી જ શરૂ થયેા. કેન્યામાં રેલવે બંધાવાનું શરૂ થયું એટલે ઘણા ભારતીયેા કામ કરવા ત્યાં ગયા. આ લોકોની પાછળ પાછળ બીજાઓ પણ પોતાનું નસીબ અજમાવવા જવા લાગ્યા. શરૂઆતમાં પરિસ્થિતિ ખૂબ જ વિકટ હતી. નાના વેપારીઓ ઝૂંપડાં જેવાં રહેઠાણોમાં વસતા હતા અને ત્યાંથી પોતાની નાની હાટડીઓ ચલાવતા હતા. આરોગ્ય અને પ્રાથમિક સારવારના અભાવે અનેકવાર પ્લેગનો ભોગ થતા હતા.

ધીરે ધીરે લોકો વધવા લાગ્યા. તેઓ પોતે પણ વ્યવસ્થિત રીતે વેપાર કરવા લાગ્યા. પરિસ્થિતિ સુધરતી ચાલી. ૧૯૦૦ની સાલ બાદ દર વર્ષે ભારતીય લોકો સારી એવી સંખ્યામાં આવવા લાગ્યા. આમાં જૈનો પણ હતા.

મોમ્બાસામાં સને ૧૯૧૬માં રોજર્સ રોડ પરના શેઠ માધવજી ભગવાનજીના મકાનમાં સહુથી પ્રથમ ઘર-દેરાસર થયું હતું. આ દેરાસરમાં પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પધરાવેલી હતી. આ પ્રતિમા પ્રાચીન હતી અને સંવત ૧૩૮૬ની સાલની હતી તેમ મનાય છે. ૧૯૨૨માં શ્રી જૈન દેરાવાસી સંઘની સ્થાપના થઈ હતી.

હાલ જ્યાં ભવ્ય શિખરબંધી જિનાલય છે તે જગ્યા

૧૯,૦૦૦ શિલિંગમાં ખરીદવામાં આવેલી. આ જગ્યા પર નીચે ૪ દુકાનો તથા ઉપર ઉપાશ્રય બાંધવામાં આવેલાં ને તા. ૧૨–૫–૧૯૩૮ના રોજ ઉદ્‌ઘાટનવિધિ થઈ હતી. ૧૯૩૯થી ત્યાં જૈન બાલમંદિર શરૂ થયું હતું. આગળ જતાં મોટી પ્રાયમરી શાળા બાંધવાની આવશ્યકતા જણાતાં સને ૧૯૫૬માં ટ્યુડર રોડ પર સરકાર તરફથી અઢી એકર જમીન વિનામૂલ્યે આપવામાં આવેલ. અહીં સાડા છ લાખ શિલિંગના ખર્ચે ૮૦૦ બાળકો અભ્યાસ કરી શકે તેવી શાળા તૈયાર કરવામાં આવી, અને બીજા ચાર લાખના ખર્ચે ૩૦૦ બાળકો માટે નર્સરી શાળા પણ તૈયાર કરવામાં આવી જે સને ૧૯૬૫માં તૈયાર થઈ હતી.

સને ૧૯૫૧માં ભારતથી આરસની ત્રણ પ્રતિમાજીઓ આવેલ જેમાં મૂળ નાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ તથા આદીશ્વર ભગવાન તથા મહાવીરસ્વામીની મૂર્તિઓ હતી. આ પ્રતિમાઓ કદંબગિરિથી આવી હતી.

**નૂતન શિખરબંધ ભવ્ય જિનાલય :**

સને ૧૯૪૬માં પાંચ સભ્યોને શિખરબંધ જિનાલય માટે ફંડ એકઠું કરવા સત્તા સોંપવામાં આવેલ, પરંતુ તે વખતના સંજોગો એવા કપરા હતા જેથી પ્રયત્નો કરવા છતાં ફંડ એકઠું ન થયું. પણ ત્યારથી ભવ્ય દેરાસર બનાવવા માટેનાં ચક્રો ગતિમાન થયાં. દરમિયાન ધર્મ પ્રત્યેની જેમના હૃદયમાં હંમેશાં શુભ ભાવના રહેલી છે તેવા એક દાનવીર અને સેવાભાવી શેઠશ્રી મગનલાલ જાદવજી દોશી તરફથી શ્રીસંઘ જો શિખરબંધ દેરાસર બાંધે તો શિલિંગ ૫૧,૦૦૦ની

સુંદર સખાવત જાહેર કરવામાં આવેલ. સાથે સાથે અમદાવાદ શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી સાથે પત્રવ્યવહાર અને રૂબરૂ મુલાકાત પણ થયેલી. તે વખતના માનદ્ ટ્રસ્ટી શેઠશ્રી મેઘજી સોજપાળ ધનાણીએ બે મુલાકાત બાદ રૂપિયા એકાવન હજાર આપવાનું વચન આપેલ છતાં હજુ વધારાની જે રકમ જોઈએ તે એકઠી ન થઈ. પણ સમય જતાં તે અંગેની વિચારણા થવા લાગી. ધર્મનાં કોઈ કાર્યો પૈસાના અભાવે અટકયાં નથી અને કાર્યવાહકોએ પર્સનલ ગેરન્ટીઓ આપી બેંકમાંથી લોન લેવાની તૈયારી રાખેલ જેથી તા. ૨૯-૧૨-૫૯ના શુભદિને શ્રીમતી લાધીબેન લાલજી કુચરા ગોસરાણીના શુભ હસ્તે ખાતમુહૂર્તવિધિ થયેલ અને તા. ૧૦-૨-૬૦ના રોજ બાંધકામ શરૂ કરવામાં આવેલ. આ અંગેના પ્લાન શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મિસ્ત્રી અમૃતલાલ મૂળશંકર ત્રિવેદી મારફતે બનાવવામાં આવેલ જેઓએ અત્રે પધારી અત્રેના આર્કિટેકટ મી. સચાનીઆને લોકલ પ્લાન બનાવવા માહિતી આપેલ.

આફ્રિકામાં એ સમયે પહેલું જ શિખરબંધ જિનાલય બંધાઈ રહેલ અને જૈન ધર્મની પ્રણાલિકા મુજબ કયાંય લોખંડ નહીં વાપરવાનું હોવાથી સ્થાયી મ્યુનિસિપલ કાઉન્સિલના અધિકારીઓએ ખાસ વિરોધ કર્યો કે લોખંડ સિવાય આ કાર્ય આગળ વધી ન શકે. અમૃતલાલ મિસ્ત્રી તેમને વારંવાર ખાતરી આપતા કે આવાં સેંકડો દેરાસરો ભારતમાં બનાવેલાં છે જેમાં બિલકુલ લોખંડ વાપરવામાં આવેલ નથી. છતાં વધારે ખાતરી કરવા કાઉન્સિલના એન્જિનિયર આખો

દિવસ હાજર રહેતા. જ્યારે આખું દેરાસર તૈયાર થયું ત્યારે પોતે ખૂબ જ સંતોષ પામ્યા અને મંજૂરી આપેલ. ત્યારબાદ પ્રતિષ્ઠા મહોત્સવ અંગેની તૈયારીઓ શરૂ કરવામાં આવેલ. તે વખતના પ્રમુખશ્રી મેઘજી સોજપાળ ધનાણી, માનદ્ મંત્રીશ્રી કેશવજી રૂપસી શાહ, કાર્યવાહક સમિતિના માનવંતા સભ્યો તથા સંઘના વોલન્ટીઅર્સ ભાઈ-બહેનોની અથાગ મહેનતથી સેંકડો મહેમાનોની હાજરી, હજારોની સંખ્યામાં પધારેલાં સંઘનાં ભાઈ-બહેનો અને અન્ય ધર્મપ્રેમી ભાઈ-બહેનો પધારેલાં હોવા છતાં ખૂબ જ આનંદ અને ઉત્સાહ-પૂર્વક તા. ૨૬-૭-૧૯૬૩ ના શુભ દિવસે પ્રતિષ્ઠા મહોત્સવનો ભવ્ય પ્રસંગ ઉજવાયેલ. પુણ્યશાળી શ્રીમતી કુંવરબેન દેવરાજ કરમસી શાહના શુભહસ્તે દ્વાર-ઉદ્ઘાટન વિધિ થયેલ.

"શ્રી પાર્શ્વ વલ્લભ પ્રાસાદ"માં મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન તથા આજુબાજુમાં શ્રી આદીશ્વર અને શ્રી મહાવીર સ્વામી ભગવાન બિરાજમાન છે. બહારના ગોખલાઓમાં શ્રી શાંતિનાથ અને નેમિનાથ ભગવાન બિરાજમાન છે.

આ ઉપરાંત આયંબિલ શાળા માટે મોટું મકાન છે, જેમાં કાયમી આયંબિલનું રસોડું ચાલે છે. ઉપરના માળે યાત્રિકોને રહેવા માટેના ફ્લેટો છે.

## નાઈરોબીની યશગાથા

નાઈરોબીમાં જૈનો સને ૧૯૦૦ની સાલથી રહે છે. નાઈરોબીમાં જૈન પાઠશાળા સને ૧૯૧૭માં શરૂ થઈ હતી. સને ૧૯૨૬માં કેનાલ રોડ પર જગ્યા ખરીદવામાં આવી અને ત્યાં ઘર-દેરાસર શરૂ થયું હતું.

જ્યારથી મોમ્બાસામાં શિખરબંધ જિનાલય તૈયાર થયેલ ત્યારથી નાઈરોબીમાં પણ ભવ્ય જિનાલય હોવું જોઈએ એવી ભાવના વધવા લાગી અને તે માટેનાં ચક્રો ગતિમાન થયાં. તે વખતના કાર્યવાહકોને એમ જણાયું કે મહાજનવાડીની અંદર જ ભવ્ય જિનાલય બંધાવવું અને તા. ૧૫–૧–૭૬ના રોજ દેરાસરજીની 'ખનન વિધિ' કરવામાં આવેલ. તરત જ તા. ૨૨–૧–૭૬ ના શુભ દિવસે શ્રીમતી જસોદાબેન પોપટલાલ પદમસી શાહના શુભ હસ્તે 'ખાતમુહૂર્ત' વિધિ થયેલ. તે પહેલાં મહાજનવાડીમાં ઉપાશ્રયજીનો હૉલ બનાવવામાં આવેલ જેની ઉદ્‌ઘાટનવિધિ તા. ૨૭–૭–'૭૫ના રોજ જ્ઞાતિના સક્રિય કાર્યકર તેમ જ દેરાસરજીના કાર્યમાં ખૂબ જ ભાગ લેનાર શ્રીયુત મેઘજી હંસરાજ શાહના શુભ હસ્તે થયેલ.

આ રીતે આ ભવ્ય જિનાલય તૈયાર થવાની વેળા આવવા લાગી અને તે માટે પ્રતિષ્ઠા મહોત્સવની વિચારણા ચાલવા લાગી. દરમિયાનમાં ભારતથી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી અને આઠ પ્રતિમાજીઓ આવી ગયેલ હોવાથી 'બોર્ડિંગ'માં તેમને પધરાવવામાં આવેલ અને તા. ૧૨–૧૧–૧૯૮૩ ના રોજ સુંદર વરઘોડા સાથે ગાજતેવાજતે મહાજનવાડીમાં દ્વારપ્રવેશ કરવામાં આવેલ.

તા. ૪–૨–૮૪ થી તા. ૧૨–૨–૮૪ સુધી પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવેલ.

□